સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**WEEK 24** (12/06/22 to 18/06/22)


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)




# સામાજિક વિજ્ઞાન

PSI-ASI, કોન્સ્ટેબલ, બિન સચિવાલય ક્લાર્ક, તલાટી, જૂનિયર ક્લાર્ક, GPSC, UPSC, SSC, BANK તથા તમામ સ્પર્ધાત્મક પરીક્ષા માટે અત્યંત ઉપયોગી પુસ્તક.

ધોરણ ૬ થી ૧૦ (GCERT)ના નવા પાઠ્યપુસ્તક આધારિત

- ભારતનો ઈતિહાસ
- બંધારણ
- ભારતની ભૂગોળ
- કલા સંસ્કૃતિ
- વિશ્વનો ઈતિહાસ
- પર્યાવરણ
- વિશ્વની ભૂગોળ
- અર્થશાસ્ત્ર

6000+ વન લાઈનર પ્રશ્નો
600+ હેતુલક્ષી પ્રશ્નો




આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને ICEONLINE.IN પર ઉપલબ્ધ છે.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.



CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**12 JUNE-2022**

- દિવસ મહિમા : 12 જૂન, વિશ્વ બાળ મજૂરી વિરોધ દિવસ ........ 02
- PM યશસ્વી યોજના (PM Yashasvi Scheme) ........ 02
- સૌરાષ્ટ્ર પ્રીમિયર લીગ : હાલાર હિરોઝ ચેમ્પિયન ........ 04
- QUESTION ANSWERS ........ 05

**13 JUNE-2022**

- દિવસ મહિમા : 06 જૂન, આંતરરાષ્ટ્રીય આલ્બિનિઝમ જાગૃતિ દિવસ ........ 06
- ક્ષેત્રીય પરિષદ ........ 06
- ઈન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઈઝેશન સેન્ટર (IN-SPACE) ........ 09
- QUESTION ANSWERS ........ 10

**14 JUNE-2022**

- દિવસ મહિમા : 14 જૂન, વિશ્વ રક્તદાન દિવસ અથવા તો, વિશ્વ સ્વૈચ્છિક રક્તદાન દિવસ ........ 11
- ગુજરાત ગૌરવ અભિયાન ........ 12
- SIPRI Year Book 2022 અનુસાર ભારતમાં 160 પરમાણુ શસ્ત્ર હોવાની સંભાવના ........ 13
- પ્રાણીઓ માટે ભારતની પ્રથમ COVID-19 રસી : AnoCovax ........ 15
- QUESTION ANSWERS ........ 16

**15 JUNE-2022**

- દિવસ મહિમા : 08 જૂન, વૈશ્વિક પવન દિવસ, વિશ્વ વૃદ્ધ દુર્વ્યવહાર જાગૃતતા દિવસ ........ 18
- અગ્નિપથ યોજના (Agnipath Scheme) ........ 19
- સંત તુકારામ ........ 21
- QUESTION ANSWERS ........ 22

**16 JUNE-2022**

- દિવસ મહિમા : 16 જૂન, આંતરરાષ્ટ્રીય પારિવારિક પ્રેષણ દિવસ ........ 23
- પૃથ્વી-2 મિસાઈલ (Pruthvi-2 Missile) ........ 23
- સામયિક લેબર ફોર્સ સર્વે 2020-21 ........ 24
- QUESTION ANSWERS ........ 25

**17 JUNE-2022**

- દિવસ મહિમા : 17 જૂન, વિશ્વ રણીકરણ અને દુકાળનો સામનો કરવા માટેનો દિવસ, વિશ્વ મગર દિવસ ........ 26
- I2U2 પહેલ ........ 26
- World Competitiveness Index 2022 ........ 28
- વન-ડે ઈતિહાસનો હાઈએસ્ટ સ્કોર : ઇંગ્લેન્ડ-498 ........ 29
- QUESTION ANSWERS ........ 30

**18 JUNE-2022**

- દિવસ મહિમા : 18 જૂન, ઓટિસ્ટિક ગૌરવ દિવસ (Autistic Pride Day) ........ 31
- એશિયાના ગ્લોબલ સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમમાં કેરળ પ્રથમ ક્રમે ........ 31
- ઓસ્ટ્રેલિયાનું મહત્વાકાંક્ષી 2030 ઉત્સર્જન લક્ષ્ય ........ 31
- ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષો ........ 32
- QUESTION ANSWERS ........ 33

**ONE LINER** ........ 34

**QUESTION OF THIS WEEK** ........ 40


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 12 જૂન, વિશ્વ બાળ મજૂરી વિરોધ દિવસ (World Day Against Child Labour)




સમગ્ર વિશ્વમાં બાળમજૂરીના વિરોધમાં જાગૃતિ લાવવા માટે દર વર્ષે 12 જૂનના રોજ 'વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન'ની ઉજવણી કરવામાં આવે છે.

- આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠન **(International Labour Organization)** દ્વારા 12 જૂનને 'વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન' તરીકે ઉજવવાની મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત સૌપ્રથમ 12 જૂન, 2002 થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો હતો.
- વર્ષ 2022ની 'વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન'ની થીમ **'Universal social protection to end child labour'** છે.

નોંધ : (1) ભારતીય બંધારણના અનુચ્છેદ 24 અંતર્ગત બાળ મજૂરી પર પ્રતિબંધની જોગવાઈ છે.

(2) ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન અનુસાર આફ્રિકામાં વિશ્વમાં સૌથી વધુ બાળ મજૂરો છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## PM યશસ્વી યોજના (PM Yashasvi Scheme)



કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય દ્વારા શરૂ કરાયેલી 'PM યશસ્વી યોજના'નું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કેન્દ્રીય સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રી ડો. વિરેન્દ્ર કુમાર અને ગુજરાત સરકારના સામાજિક ન્યાય અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમારની ઉપસ્થિતિમાં ગાંધીનગરથી લોન્ચિંગ કર્યું હતું.

- આ સંદર્ભમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે સમાજના વંચિત, પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગ અને ડી–નોટીફાઈડ જનજાતિના બાળકો વિદ્યાર્થીઓને વિવિધ શિક્ષણ સહાય યોજનાનો લાભ અંડર વન અમ્બ્રેલા આપવાની પહેલ વડાપ્રધાને કરી છે.

## PM યશસ્વી

**PM યશસ્વીનું પૂરું નામ 'PM young Achivers Scholarship award scheme for vibrant india for OBCs and others' છે.**

- કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા રાજ્યના અન્ય પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ અને વિચરતી–વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને શિક્ષણમાં પ્રોત્સાહન મળે તથા વિદ્યાર્થીઓના કલ્યાણ માટે આ યોજના શરૂ કરવામાં આવી છે. (OBC, EBC, DNT)
- આ યોજના અંતર્ગત કેન્દ્ર સરકારના 60 ટકા અને રાજ્ય સરકારના 40 ટકા ફાળાથી યોજનાનો અમલ વર્ષ 2022-23 થી વર્ષ 2025-26 સુધી કરવામાં આવશે.
- આ યોજના વિદ્યાર્થીઓના શિક્ષણ અને કૌશલ્યવર્ધનમાં માઈલસ્ટોન સાબિત થશે.

## યોજના હેઠળ કોને કેટલી રકમની શિષ્યવૃત્તિ મળશે

પ્રિ–મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત રાજ્યના ધોરણ 9 અને ધોરણ 10 ના સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા અન્ય પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ અને વિચરતી–વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓના વાલીની વાર્ષિક આવક મર્યાદા રૂ. 50,000 ધ્યાને લઈ વાર્ષિક રૂ. 4000 શિષ્યવૃત્તિની રકમ વિદ્યાર્થીઓને DBT મારફતે સીધા જ તેઓના બેંક ખાતામાં ચુકવવામાં આવશે.

- આ ઉપરાંત પોસ્ટ–મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અતંર્ગત, રાજ્યના 10 પછીના અભ્યાસ કરતા અન્ય પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ અને વિચરતી–વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓના વાલીની વાર્ષિક આવક મર્યાદા રૂ. 25,000 ધ્યાને લઈ ચાર ગ્રુપમાં વાર્ષિક રૂ. 5000 થી રૂ. 20,000 સુધીની શિષ્યવૃત્તિની રકમ વિદ્યાર્થીઓને DBT મારફતે સીધા જ તેઓના બેંક ખાતામાં ચૂકવવામાં આવશે.

## 21,000 શાળાઓને 1608 કરોડ, 259 કોલેજોને 2342 કરોડની શિષ્યવૃત્તિ એનાયત થશે

આ યોજનાને બે ઘટકમાં વિભાજિત કરવામાં આવી છે.

- જે પૈકી ટોપ કલાસ સ્કૂલ ઘટક અંતર્ગત આગામી પાંચ વર્ષમાં સમગ્ર ભારતની 21,000 શાળાઓને શોર્ટલિસ્ટ કરી 1608 કરોડ જેટલી રકમની શિષ્યવૃત્તિનું આયોજન છે.
- જ્યારે ટોપ કલાસ કોલેજ ઘટક અંતર્ગત 259 કોલેજોને શોર્ટલિસ્ટ કરી 2342 કરોડ જેટલી રકમની શિષ્યવૃત્તિનું આયોજન છે.

INSTITUTE FOR COMPETITIVE EXAM

**મહત્વ**

દેશમાં દર વર્ષે લાખો વિદ્યાર્થીઓ અભ્યાસ માટે પૈસાના અભાવે અધવચ્ચે જ અભ્યાસ છોડી દેવાની ફરજ પાડે છે.

- કેટલાક વિદ્યાર્થીઓ ધોરણ 8 મા અને કેટલાક 12 પછી અભ્યાસ છોડી દે છે.
- ઘણા વિદ્યાર્થીઓ પરિવારની આર્થિક સ્થિતિ જોઈને પરિવારને મદદ કરવા નાના–નાના કામમાં લાગી જાય છે.
- આ લાગણી તેના હૃદયમાં રહે છે કે જો તેને ભણવાની તક મળી હોત તો તે પણ જીવનમાં કંઈક મોટું કરી શક્યા હોત.
- આથી, સરકારની આવી શિષ્યવૃત્તિ યોજના એક તક તરીકે ઉભરી આવે છે અને અભ્યાસ પૂર્ણ કરવામાં મદદરૂપ બને છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સૌરાષ્ટ્ર પ્રીમિયર લીગ : હાલાર હિરોઝ ચેમ્પિયન



તાજેતરમાં 2 જૂન, 2022 થી 11 જૂન, 2022 દરમિયાન રાજકોટના સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ (ખંઢેરી) ખાતે 'સૌરાષ્ટ્ર પ્રીમિયર લીગ'ની બીજી સિઝનનું આયોજન થયું હતું.

- ક્રિકેટની આ પ્રસિદ્ધ ટુર્નામેન્ટમાં કુલ પાંચ ટીમોનો સમાવેશ થયો હતો.
- સૌરાષ્ટ્ર પ્રીમિયર લીગ સિઝન–2 (SPL-2)ની ફાઈનલ મેચમાં ગોહિલવાડ ગ્લેડિએટર્સને પરાજય આપી હાલાર હિરોઝે આ ટાઈટલ જીતી લીધુ છે.
- આ ટુર્નામેન્ટમાં પ્લેયર ઓફ ધ સિરીઝ શ્રી જયદેવ ઉનડકટ બન્યા હતા.
- SPLની કુલ પાંચ ટીમોમાં ગોહિલવાડ ગલેડીયર્સ, હાલાર હિરોઝ, ઝાલાવાડ રોયલ્સ, સોરઠ લાયન્સ અને કચ્છ વોરિયર્સનો સમાવેશ થાય છે.
- નોંધનીય છે કે SPLની પ્રથમ સિઝન વર્ષ 2019માં યોજાઈ હતી જેમાં સોરઠ લાયન્સ વિજેતા બની હતી.

1. 'વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 10 જૂન (B) 11 જૂન (C) 12 જૂન (D) 13 જૂન (C)

2. વર્ષ 2022ની 'વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન'ની થીમ શું છે ?

(A) COVID-19 : Protect children from corona, now more than ever

(B) COVID-19 : Protect children from cornavirus, now more than ever

(C) Universal, social protection to end child labour

(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં (C)

3. સમગ્ર વિશ્વમાં 'વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન'ની ઉજવણીનો પ્રારંભ કયારથી થયો છે ?

(A) 2000 (B) 2001 (C) 2002 (D) 2003 (C)

4. તાજેતરમાં 'PM યશસ્વી યોજના' (PM Yashasvi Scheme)નું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આ યોજના સાથે નીચેના પૈકી કયું મંત્રાલય સંલગ્ન છે ?

(A) સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય (B) શ્રમ અને રોજગાર મંત્રાલય

(C) આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય (D) યુવા બાબતો અને રમત–ગમત મંત્રાલય (A)

5. 'PM યશસ્વી યોજના' સંદર્ભે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

1. રાજ્યના અન્ય પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ અને વિચરતી–વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને શિક્ષણમાં પ્રોત્સાહન મળે તથા વિદ્યાર્થીઓના કલ્યાણ માટે આ યોજના (શિષ્યવૃત્તિ) શરૂ કરવામાં આવી છે.

2. આ યોજના અંતર્ગત કેન્દ્ર સરકારના 60 ટકા અને રાજ્ય સરકારના 40 ટકા ફાળાથી યોજનાનો અમલ 2022-23 થી વર્ષ 2025-26 સુધી કરવામાં આવશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા (C)

6. સૌરાષ્ટ્ર પ્રીમિયર લીગ સિઝન–2 (SPL-2)ની વિજેતા ટીમનું નામ જણાવો ?

(A) સોરઠ લાયન્સ (B) ઝાલાવાડ રોયલ્સ

(C) હાલાર હિરોઝ (D) કચ્છ વોરિયર્સ (C)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 13 જૂન, આંતરરાષ્ટ્રીય આલ્બિનિઝમ જાગૃતિ દિવસ (International Albinism Awareness Day)




યુનાઈટેડ નેશન્સ દ્વારા દર વર્ષે 13 જૂનના રોજ 'આંતરરાષ્ટ્રીય આલ્બિનિઝમ જાગૃતિ' દિવસનું આયોજન કરવામાં આવે છે.

- આ દિવસનો ઉદ્દેશ લોકોને આલ્બિનિઝમ અથવા રંગ અંધત્વ વિશે જાગૃત્ત કરવાનો અને રંગ અંધત્વથી પીડિત લોકોના માનવ અધિકારો વિશે જાગૃત્તિ ફેલાવવાનો છે.
- નોંધનીય છે કે 18 ડિસેમ્બર, 2014ના રોજ યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ વિશ્વમાં આલ્બિનિઝમ ધરાવતા લોકો દ્વારા થતા ભેદભાવ સામે જાગરૂકતા ફેલાવવાના ઉદ્દેશ્ય સાથે 13 જૂનને 'આંતરરાષ્ટ્રીય આલ્બિનિઝમ જાગૃત્તિ દિવસ' તરીકે જાહેર કર્યો હતો.
- આલ્બિનિઝમ જન્મ સમયે હાજર એક દુર્લભ અને આનુવંશિક રીતે વારસાગત રોગ છે. તથા તે એક બિનચેપી રોગ પણ છે.
- તે માનવ શરીરમાં મેલેનિનના ઉત્પાદનમાં સામેલ એન્ઝાઈમના અભાવને કારણે ત્વચા, વાળ અને આંખોમાં રંગદ્રવ્ય અથવા રંગની સંપૂર્ણ અથવા આંશિક અભાવ દ્વારા ચિહ્નિત થયેલ જન્મજાત વિકૃતિ છે.
- આલ્બિનિઝમ ધરાવતા લગભગ તમામ લોકો દૃષ્ટિની ક્ષતિ ધરાવતા હોય છે અને તેમને ત્વચાનું કેન્સર થવાનું જોખમ વધારે હોય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ક્ષેત્રીય પરિષદ (Zonal Councils)

તાજેતરમાં ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે દીવમાં પશ્ચિમી ક્ષેત્રીય પરિષદની 25મી બેઠકની અધ્યક્ષતા કરી હતી.



## બેઠકના મુખ્ય મુદ્દાઓ

પશ્ચિમી ક્ષેત્રીય પરિષદની બેઠકના મુખ્ય મુદ્દાઓ નીચે મૂજબ છે :

(1) ગ્રામીણ વિસ્તારોમાં બેંકિંગ સેવાઓમાં સુધારો.

(2) મહિલાઓ અને બાળકો સામેના બળાત્કાર અને જાતીય અપરાધોના કેસોની દેખરેખ અને નિકાલ માટે ફાસ્ટ ટ્રેક કોર્ટનો અમલ.

(3) ઊંડા સમુદ્રમાં દરિયાઈ માછીમારોની ઓળખની ચકાસણી.

(4) દરિયાકાંઠાના રાજ્યો દ્વારા ઊંડા સમુદ્રમાં મોટા પાયે બચાવ કામગીરી માટે સ્થાનિક કટોકટીની યોજનાઓ વિકસાવવી અને પ્રાધન્યતા જાહેર ખરીદી દ્વારા મેક ઈન ઈન્ડિયા પહેલને પ્રોત્સાહન આપવું.

(5) સરહદ, સુરક્ષા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પરિવહન અને પશ્ચિમી રાજ્યો અને ઉદ્યોગોને લગતા વિવિધ મુદ્દાઓ.

## ક્ષેત્રિય પરિષદ

ક્ષેત્રીય પરિષદો વૈધાનિક (બંધારણીય નહીં) સંસ્થાઓ છે.

- તેની સ્થાપના સંસદના એક અધિનિયમ એટલે કે 'રાજ્ય પુનર્ગઠન અધિનિયમ, 1956' દ્વારા કરવામાં આવી હતી.
- આ અધિનિયમે દેશને પાંચ ક્ષેત્રોમાં ઉત્તર, મધ્ય, પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણમાં વિભાજીત કર્યુ તથા દરેક ક્ષેત્ર માટે પ્રાદેશિક પરિષદ પ્રદાન કરી.
- આ વિસ્તારો બનાવતી વખતે કેટલાક પરીબળો ધ્યાનમાં લેવામાં આવ્યા છે જેમાં નીચેના પરીબળોનો સમાવેશ થાય છે :

(1) દેશનું કુદરતી વિભાજન

(2) નદી પ્રણાલી અને સંદેશાવ્યવહારના માધ્યમો

(3) સાંસ્કૃતિક અને ભાષાકીય સંબંધો

(4) આર્થિક વિકાસ, સુરક્ષા અને કાયદો તથા વ્યવસ્થાની જરૂરિયાત.

- ઉપરોક્ત ક્ષેત્રીય પરિષદો ઉપરાંત સંસદનો એક અલગ અધિનિયમ વર્ષ 1971ના ઉત્તર–પૂર્વીય પરિષદ અધિનિયમ દ્વારા એક ઉત્તર–પૂર્વીય પરિષદની રચના કરવામાં આવી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## માળખું

**(1) ઉત્તરી ક્ષેત્રીય પરિષદ :**

તેમાં હરિયાણા, હિમાચલ પ્રદેશ, પંજાબ, રાજસ્થાન, રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર દિલ્હી અને કેન્દ્રશાસિત પ્રદેશો ચંદીગઢ, જમ્મુ–કાશ્મીર અને લદ્દાખનો સમાવેશ થાય છે.

**(2) મધ્ય ક્ષેત્રીય પરિષદ :**

તેમાં છત્તીસગઢ, ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશ રાજ્યોનો સમાવેશ થાય છે.

**(3) પૂર્વીય ક્ષેત્રીય પરિષદ :**

તેમાં બિહાર, ઝારખંડ, ઓડિશા અને પશ્ચિમ બંગાળ રાજ્યોનો સમાવેશ થાય છે.

**(4) પશ્ચિમી ક્ષેત્રીય પરિષદ :**

તેમાં ગોવા, ગુજરાત, મહારાષ્ટ્ર રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ દીવ–દમણ અને દાદરા–નગર હવેલીનો સમાવેશ થાય છે.

**(5) દક્ષિણ ક્ષેત્રીય પરિષદ :**

તેમાં આંધ્રપ્રદેશ, તેલંગાણા, કર્ણાટક, કેરળ, તમિલનાડુ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીનો સમાવેશ થાય છે.

**નોંધ :** ઉત્તર–પૂર્વીય પરિષદમાં આસામ, મણિપુર, મિઝોરમ, અરૂણાચલપ્રદેશ, નાગાલેન્ડ, મેઘાલય, ત્રિપુરા અને સિક્કિમનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સંસ્થાકીય માળખું

- **અધ્યક્ષ :** કેન્દ્રીય ગૃહમંત્રી આ તમામ પરિષદના અધ્યક્ષ છે.
- **ઉપાધ્યક્ષ :** દરેક ઝોનલ કાઉન્સિલમાં સમાવિષ્ટ રાજ્યોના મુખ્યમંત્રી રોટેશન (પરિભ્રમણ) દ્વારા એક સમયે એક વર્ષના સમયગાળા માટે ઝોનલ કાઉન્સિલના ઉપાધ્યક્ષ તરીકે કાર્ય કરે છે.
- **સભ્ય :** મુખ્યમંત્રી અને પ્રત્યેક રાજ્યમાંથી રાજ્યપાલ દ્વારા નામાંકિત બે અન્ય મંત્રી અને પરિષદમાં સમાવિષ્ટ કેન્દ્રશાસિત પ્રદેશના બે સભ્યો
- **સલાહકાર :** દરેક ક્ષેત્રીય પરિષદ માટે પ્લાનિંગ કમિશન (હવે નીતિ આયોગ) દ્વારા નામાંકિત કરાયેલ એક મુખ્યસચિવ અને ઝોનમાં સમાવિષ્ટ દરેક રાજ્ય દ્વારા નામાંકિત કરાયેલ એક અન્ય અધિકારી / વિકાસ કમિશનર હોય છે.

## ઉદ્દેશ્ય

ક્ષેત્રીય પરિષદના ઉદ્દેશ્ય નીચે મુજબ છે :

(1) રાષ્ટ્રીય એકીકરણની અનુભૂતિ

(2) કેન્દ્રો અને રાજ્યોને સહયોગ તથા વિચારો અને અનુભવોનું આદાનપ્રદાન કરવા સક્ષમ બનાવવા

(3) વિકાસ યોજનાઓના સફળ અને ઝડપી અમલીકરણ માટે રાજ્યો વચ્ચે સહકારનું વાતાવરણ સ્થાપિત કરવું.

## ઈન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઈઝેશન સેન્ટર (IN-SPACE)




તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદના બોપલ ખાતે 'ઈન્ડિયન નેશનલ સેન્ટર ફોર સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઈઝેશન' (IN-SPACE)ના મુખ્યાલયનું ઉદ્‌ઘાટન કર્યુ હતું.

- તેને જૂન, 2020માં કેન્દ્રીય કેબિનેટ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી.
- IN-SPACE એ અવકાશ પ્રવૃત્તિઓ અને બિન–સરકારી ખાનગી સંસ્થાઓને અવકાશ સુવિધાઓનો ઉપયોગ કરવાની મંજૂરી આપવા માટે નોડલ એજન્સી હશે.
- આ સંસ્થાની રચનાનો મુખ્ય ઉદ્દેશ એ સુનિશ્ચિત કરવાનો છે કે ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO) તેની આવશ્યક પ્રવૃત્તિઓ જેમ કે સંશોધન અને વિકાસ, ગ્રહોની શોધ અને અવકાશનો વ્યૂહાત્મક ઉપયોગ વગેરે પર ધ્યાન કેન્દ્રિત કરી શકે તથા અન્ય સહાયક કાર્યો ખાનગી ક્ષેત્રને ટ્રાન્સફર કરી શકાય.
- આ ઉપરાંત આ સંસ્થા વિદ્યાર્થીઓ અને સંશોધકો વગેરેને ભારતની અવકાશ અસ્કયામતોમાં વધુ એક્સેસ પ્રદાન કરશે.
- જેનાથી ભારતના અવકાશ સંસાધનો અને અવકાશ તકનીકોનો વધુ સારો ઉપયોગ સુનિશ્ચિત થશે.
- આ સુધારાઓ ISROને સંશોધન અને વિકાસ પ્રવૃત્તિઓ, નવી તકનીકો, સંશોધન મિશન અને માનવ અવકાશ ઉડાન કાર્યક્રમો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવા સક્ષમ બનાવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. યુનાઈટેડ નેશન્સ દ્વારા દર વર્ષે કયા દિવસના રોજ 'આંતરરાષ્ટ્રીય આલ્બિનિઝમ જાગૃત્તિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 13 જૂન (B) 14 જૂન (C) 15 જૂન (D) 16 જૂન (A)

2. તાજેતરમાં ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે ...............માં પશ્ચિમી ક્ષેત્રીય પરિષદની 25મી બેઠકની અધ્યક્ષતા કરી હતી.

(A) સેલવાસ (B) ગાંધીનગર (C) દીવ (D) નવસારી (C)

3. 'ક્ષેત્રીય પરિષદો' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. ક્ષેત્રીય પરિષદો વૈધાનિક સંસ્થાઓ છે.
2. તેની સ્થાપના સંસદના એક અધિનિયમ એટલે કે 'રાજ્ય પુનર્ગઠન અધિનિયમ, 1956' દ્વારા કરવામાં આવી હતી.
3. ક્ષેત્રીય પરિષદોના અધ્યક્ષ કેન્દ્રીય ગૃહમંત્રી હોય છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 (D)

4. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ..........ના બોપલ ખાતે 'ઈન્ડિયન નેશનલ સેન્ટર ફોર પ્રમોશન એન્ડ ઓથોરાઈઝેશન' (IN-SPACE)ના મુખ્યાલયનું ઉદ્ઘાટન કર્યુ હતું.

(A) અમદાવાદ (B) બેંગ્લોર (C) પૂણે (D) ચેન્નાઈ (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# દિવસ મહિમા : 14 જૂન, વિશ્વ રક્તદાન દિવસ અથવા તો વિશ્વ સ્વૈચ્છિક રક્તદાન દિવસ (World Blood Donor Day)




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 14 જૂનના રોજ 'વિશ્વ રક્તદાન દિવસ' અથવા તો 'વિશ્વ સ્વૈચ્છિક રક્તદાન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- તેની ઉજવણીનો પ્રારંભ વર્ષ 2005 થી થયો હતો.
- સલામત રક્ત અને રક્ત ઉત્પાદનો અંગે જાગૃતિ લાવવા માટે તથા સ્વૈચ્છિક રીતે રક્તદાન કરનાર દાતાઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરીને તેમને આ કાર્ય માટે પ્રોત્સાહન આપવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- 'વિશ્વ રક્તદાન દિવસ' વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) દ્વારા ચલાવવામાં આવતા આઠ સત્તાવાર વૈશ્વિક આરોગ્ય અભિયાનોમાનું એક છે.
- આ આઠ અભિયાનોમાં વિશ્વ રક્તદાન દિવસ ઉપરાંત વિશ્વ તમાકુ વિરોધ દિન, વર્લ્ડ ઈમ્યુનાઈઝેશન વીક, વિશ્વ મેલેરિયા દિવસ, વર્લ્ડ હેપેટાઈટિસ ડે, વિશ્વ એઈડ્સ દિવસ, વિશ્વ આરોગ્ય દિવસ અને વિશ્વ ક્ષય રોગ દિવસનો સમાવેશ થાય છે.
- વર્ષ 2022ની 'વિશ્વ રક્તદાન દિવસ'ની થીમ 'Donating blood is an Act of Solidarity. Join the effort and save lives' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

નોંધ: (1) પ્રસિદ્ધ વૈજ્ઞાનિક શ્રી કાર્લ લેન્ડસ્ટેઈનરની યાદમાં તેમની જન્મ તારીખ 14 જૂનના રોજ 'વિશ્વ રક્તદાન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

(2) શ્રી કાર્લ લેન્ડસ્ટેઈનરનો જન્મ 14 જૂન, 1868ના રોજ થયો હતો.

(3) તેમણે ઈ.સ. 1901માં A, B અને O બ્લડ ગ્રુપની શોધ કરી હતી. અને તેમની આ શોધ માટે તેમને 1930માં નોબેલ પુરસ્કાર એનાયત થયો હતો.

## ગુજરાત ગૌરવ અભિયાન




10 જૂન, 2022ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના નવસારીના ખુડવેલ ખાતે 'ગુજરાત ગૌરવ અભિયાન' હેઠળ રૂ. 3,050 કરોડના ખર્ચે અનેક વિકાસલક્ષી પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન, શિલાયન્સ અને ભૂમિપૂજન કર્યુ હતું.

- જેમાં અંદાજિત રૂ. 900 કરોડના વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ, રૂ. 650 કરોડના વિકાસ કાર્યોનું ખાતમૂહુર્ત અને રૂ. 1500 કરોડના વિવિધ વિકાસ કાર્યોનું ભૂમિપૂજન કર્યુ હતું.
- આમ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 7 યોજનાઓના લોકાર્પણ, 12 યોજનાઓના ખાતમૂહુર્ત અને 14 યોજનાઓનું ભૂમિપૂજન કર્યુ હતું.
- આ પ્રોજેક્ટ નવસારી, સુરત, તાપી, ડાંગ અને વલસાડ જિલ્લાના લોકોનું જીવન સરળ બનાવશે.
- આ પ્રોજેક્ટ આ વિસ્તારના પાણી પુરવઠા, આરોગ્ય સેવાઓ, ઊર્જા અને રોડ કનેક્ટિવિટી વધારશે.
- આ ઉપરાંત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવસારી ખાતે અંદાજિત રૂ. 542 કરોડના ખર્ચે નિર્માણ પામનારી સરકારી મેડિકલ કોલેજ અને હોસ્પિટલનું પણ ભૂમિપૂજન કર્યુ હતું.
- ગુજરાતના આ આદિવાસી વિસ્તારમાં સૌપ્રથમવાર આટલા મોટા પાયા પર અનેક વિકાસના પ્રોજેક્ટ એક સાથે હાથ ધરવામાં આવી રહ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# SIPRI Year Book 2022 અનુસાર ભારતમાં 160 પરમાણુ શસ્ત્ર હોવાની સંભાવના

તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા SIPRI Year Book 2022 અનુસાર વર્ષ 2022માં વિશ્વના 9 દેશો પરમાણુ શસ્ત્ર ધરાવે છે.

- પરમાણુ શસ્ત્ર ધરાવતા વિશ્વના આ 9 દેશોમાં અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાન્સ, ચીન, ભારત, પાકિસ્તાન, ઈઝરાયેલ અને ઉત્તર કોરિયાનો સમાવેશ થાય છે.
- આ 9 દેશોમાંથી વર્ષ 2022માં રશિયા પાસે સૌથી વધુ 5,977 પરમાણુ શસ્ત્રો છે.
- રશિયા બાદ બીજા ક્રમે અમેરિકા પાસે 5428 પરમાણુ શસ્ત્રો છે.
- જ્યારે ભારત પાસે વર્ષ 2022માં 160 પરમાણુ શસ્ત્રો છે.
- નોંધનીય છે કે વર્ષ 2021માં ભારત પાસે 156 પરમાણુ શસ્ત્રો હતા.
- જોકે જાન્યુઆરી 2021 અને જાન્યુઆરી 2022ની વચ્ચે પરમાણુ શસ્ત્રોની કુલ સંખ્યામાં ઘટાડો થયો છે, પરંતુ આગામી દાયકામાં તેમાં વધારો થવાની સંભાવના છે.

**SIPRI અનુસાર 2019 થી 2022 સુધીમાં વિશ્વના વિવિધ દેશો પાસે પરમાણુ શસ્ત્રોની સંખ્યા**

| ક્રમ | દેશ | પરમાણુ શસ્ત્રોની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|
| | | 2019 | 2020 | 2021 | 2022 |
| 1 | રશિયા | 6500 | 6375 | 6255 | 5977 |
| 2 | અમેરિકા | 6185 | 5800 | 5550 | 5428 |
| 3 | ચીન | 290 | 320 | 350 | 350 |
| 4 | ફ્રાન્સ | 300 | 290 | 290 | 290 |
| 5 | બ્રિટન | 200 | 215 | 225 | 225 |
| 6 | પાકિસ્તાન | 150-160 | 160 | 165 | 165 |
| 7 | ભારત | 130-140 | 150 | 156 | 160 |
| 8 | ઈઝરાયેલ | 80-90 | 90 | 90 | 90 |
| 9 | ઉત્તર કોરિયા | (20-30) | (30-40) | (40-50) | (20) |
| | કુલ | 13,865 | 13,400 | 13,080 | 12,705 |

**નોંધ:** ઉત્તર કોરિયા પાસે હાલ કેટલા પરમાણુ શસ્ત્રો ઉપલબ્ધ છે તે કહેવું અત્યંત મુશ્કેલ છે. આથી, વિશ્વના કુલ પરમાણુ શસ્ત્રોની સંખ્યામાં તેની ગણતરી કરવામાં આવતી નથી. ઉત્તર કોરિયા પાસે 45 થી 55 પરમાણુ શસ્ત્ર હોવાની ધારણા છે.

## રિપોર્ટનું એનાલિસિસ

આ રિપોર્ટ અનુસાર વર્ષ 2021ની તુલનાએ વર્ષ 2022માં વિશ્વના કુલ પરમાણુ શસ્ત્રોની સંખ્યામાં ઘટાડો થયો છે. જે 13,080 થી ઘટીને 12,705 થઈ ગયા છે.

- રશિયા અને અમેરિકા પાસે મળીને 90% થી વધુ પરમાણુ શસ્ત્રો ધરાવે છે.
- આ રિપોર્ટ અનુસાર રશિયા અને અમેરિકાના પરમાણુ શસ્ત્રોની સંખ્યામાં ઘટાડો થયો છે.
- વર્ષ 2021માં ભારત પાસે 156 પરમાણુ શસ્ત્રો હતા જે વધીને 160 થયા છે.
- જ્યારે ચીન, ફ્રાન્સ, બ્રિટન, પાકિસ્તાન અને ઈઝરાયલ પાસે વર્ષ 2021ની જેમ 2022માં પરમાણુ શસ્ત્રોની સંખ્યા યથાવત હતી.
- આ રિપોર્ટ અનુસાર ભારત કરતા ચીન અને પાકિસ્તાન પાસે પરમાણુ શસ્ત્રોની સંખ્યા વધારે છે.

**નોંધ:** (1) વર્ષ 2019 થી 2022 સુધીમાં પરમાણુ શસ્ત્રોમાં થયેલા ઘટાડાનું મુખ્ય કારણ અમેરિકા અને રશિયા વચ્ચે થયેલી NEW START સંધિ છે.

(2) અમેરિકા અને રશિયા દ્વારા આ સંધિ અંતર્ગત જૂના પરમાણુ શસ્ત્રોનું વિઘટન કરવામાં આવી રહ્યું છે. આથી તેમના પરમાણુ શસ્ત્રોની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે.

(3) SIPRIનું પૂરું નામ 'Stockholm International Peace Research Institute' છે.

(4) SIPRI એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે જે યુદ્ધ, શસ્ત્રો, શસ્ત્ર નિયંત્રણ અને નિ:શસ્ત્રીકરણમાં સંશોધન માટે સમર્પિત છે.

(5) SIPRIની સ્થાપના વર્ષ 1966માં સ્વીડનના સ્ટોકહોમમાં કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પ્રાણીઓ માટે ભારતની પ્રથમ COVID-19 રસી : Anocovax

તાજેતરમાં કૃષિ મંત્રાલયે પ્રાણીઓ માટે ભારતની પ્રથમ કોવિડ–19 રસી 'એનોકોવેક્સ' (Anocovax) લોન્ચ કરી છે.

- આ રસી હિસાર સ્થિત નેશનલ રિસર્ચ સેન્ટર ઓન ઈક્વિન્સ દ્વારા વિકસાવવામાં આવી છે.
- તે પ્રાણીઓને કોરોના વાયરસના ડેલ્ટા અને ઓમિક્રોન પ્રકારોથી સુરક્ષિત કરી શકે છે.
- આ રસીનો ઉપયોગ કૂતરા, દીપડા, ઉંદર, સિંહ અને સસલામાં થઈ શકે છે.
- તે એક નિષ્ક્રિય રસી છે, જે ડેલ્ટા વેરિઅન્ટના ચેપી ભાગનો ઉપયોગ કરીને વિકસાવવામાં આવી છે.
- ભારતમાં પ્રાણીઓ માટે વિકસિત આ પ્રથમ કોવિડ–19 રસી છે.
- બિલાડી અને કૂતરા સહીત કેટલાક પ્રાણીઓમાં કોવિડ–19 સંક્રમણના અહેવાલોને ધ્યાનમાં રાખીને આ રસી વિકસાવવામાં આવી છે.
- આ ઉપરાંત આ રસી સિંહ અને વાઘ જેવા પ્રાણીઓને બચાવવાના ઉદ્દેશ્ય સાથે વિકસાવવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. 'વિશ્વ રક્તદાન દિવસ' અથવા તો 'વિશ્વ સ્વૈચ્છિક રક્તદાન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 11 જૂન (B) 12 જૂન (C) 13 જૂન (D) 14 જૂન (D)

2. વર્ષ 2022ની 'વિશ્વ રક્તદાન દિવસ'ની થીમ શું છે ?

(A) Give Blood, Give now, Give often

(B) Donating blood is an Act of Solidarity. Join the effort and save lives

(C) Give blood and save lives

(D) Safe blood, Save lives (B)

3. કયા પ્રસિદ્ધ વૈજ્ઞાનિકનો જન્મદિન 14 જૂન 'વિશ્વ રક્તદાન દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) શ્રી ટીમોથી બર્નર્સ લી (B) શ્રી જેમ્સ વોટ્સન

(C) શ્રી કાર્લ લેન્ડસ્ટેઈનર (D) શ્રી એલન ગ્રુથ (C)

4. A, B અને O બ્લડ ગ્રુપના શોધકનું નામ શું છે ?

(A) શ્રી ટીમોથી ચાર્લ્સ લી (B) શ્રી કાર્લ મેકમાસ્ટર

(C) શ્રી એલન હ્યુજ (D) શ્રી કાર્લ લેન્ડસ્ટેઈનર (D)

5. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના ..............સ્થળેથી 'ગુજરાત ગૌરવ અભિયાન' હેઠળ રૂ. 30,050 કરોડના ખર્ચે અનેક વિકાસલક્ષી પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન, શિલાયન્સ અને ભૂમિપૂજન કર્યુ હતું.

(A) ખુડવેલ, નવસારી (B) આટકોટ, રાજકોટ

(C) માણાવદર, જૂનાગઢ (D) ઈડર, સાબરકાંઠા (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**6.** **SIPRI Year Book 2022 અનુસાર વર્ષ 2022માં સૌથી વધુ પરમાણુ શસ્ત્રો કયા દેશ પાસે છે ?**

(A) અમેરિકા (B) રશિયા (C) ચીન (D) ફ્રાન્સ **(B)**

**7.** **SIPRI Year Book 2022 અનુસાર સમગ્ર વિશ્વમાં કુલ કેટલા દેશો પરમાણુ શસ્ત્રો ધરાવે છે ?**

(A) 7 (B) 9 (C) 10 (D) 11 **(B)**

**8.** **SIPRI Year Book 2022 અનુસાર રશિયા પાસે કુલ કેટલા પરમાણુ શસ્ત્રો છે ?**

(A) 1,315 (B) 2,371 (C) 4,548 (D) 5,977 **(D)**

**9.** **SIPRI Year Book 2022 અનુસાર ભારત પાસે કુલ કેટલા પરમાણુ શસ્ત્રો છે ?**

(A) 90 (B) 160 (C) 260 (D) 290 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**10.** **Anocovax COVID-19 રસી સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?**

1. ભારતમાં પ્રાણીઓ માટે વિકસિત આ પ્રથમ પ્રકારની Covid-19 રસી છે.
2. આ રસી હિસાર સ્થિત નેશનલ રિસર્ચ સેન્ટર ઓન ઈક્વિન્સ દ્વારા વિકસાવવામાં આવી છે.
3. આ રસીનો ઉપયોગ કૂતરા, દીપડા, ઉંદર, સિંહ, સસલા વગેરેમાં થઈ શકે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 **(D)**

## દિવસ મહિમા : 15 જૂન, (1) વૈશ્વિક પવન દિવસ (Global wind Day)
## (2) વિશ્વ વૃદ્ધ દુર્વ્યવહાર જાગૃતતા દિવસ (World Elder Abuse Awareness Day)

### વિશ્વ વૃદ્ધ દુર્વ્યવહાર જાગૃતતા દિવસ




દર વર્ષે <u>15 જૂન</u>ના રોજ <u>વર્લ્ડ એલ્ડર એબ્યુઝ અવેરનેસ ડે</u> અથવા <u>વિશ્વ દુર્વ્યવહાર જાગૃતતા દિવસ</u>ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસ વિશ્વભરની વૃદ્ધ વસતી સાથે દુર્વ્યવહાર (મૌખિક, શારીરિક અથવા ભાવનાત્મક) પ્રત્યે જાગૃત્તિને પ્રોત્સાહન આપે છે.
- વૃદ્ધો માટે ખાસ દિવસ તરીકે જાહેર કરવાની વિનંતીને પગલે જૂન <u>2006</u>માં આ દિવસની ઉજવણી શરૂ થઈ હતી.
- જોકે વર્ષ <u>2011</u>માં <u>સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA)</u> દ્વારા આ દિવસને સત્તાવાર રીતે માન્યતા આપવામાં આવી હતી.
- વિશ્વ વૃદ્ધ દુર્વ્યવહાર જાગૃતતા દિવસ 2022ની થીમ <u>'Digital Equity for All Ages'</u> છે.

નોંધ: (1) વર્લ્ડ એલ્ડર એબ્યુઝ અવેરનેસ ડે એટલે કે 15મી જૂનની પૂર્વ સંધ્યાએ <u>સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયે</u> ભારતમાં વડીલોની સ્થિતિ પર એક અહેવાલ બહાર પાડ્યો છે, આ રિપોર્ટ 22 શહેરોમાં કરવામાં આવેલા સર્વેના આધારે બનાવવામાં આવ્યો હતો.

(2) આ રિપોર્ટ અનુસાર ભારતમાં <u>47% વૃદ્ધ</u> લોકો આર્થિક રીતે તેમના પરિવારો પર નિર્ભર છે અને <u>34%</u> પેન્શન અને રોકડ ટ્રાન્સફર પર નિર્ભર છે, જ્યારે સર્વેમાં સામેલ <u>40%</u> લોકોએ 'શક્ય તેટલું' કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

(3) સર્વેક્ષણ મુજબ 71% વરિષ્ઠ નાગરિકો કામ કરતા ન હતા, જ્યારે 36% કામ કરવા ઈચ્છુક હતા અને 40% શક્ય તેટલું કામ કરવા ઈચ્છતા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## અગ્નિપથ યોજના (Agnipath Scheme)

14 જૂન, 2022ના રોજ કેન્દ્ર સરકારે ત્રણેય સેવાઓ (આર્મી, નેવી અને એરફોર્સ)માં સૈનિકોની ભરતી માટે 'અગ્નિપથ યોજના' નામની નવી યોજના લોન્ચ કરી છે.

- આ યોજના તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવશે.

### અગ્નિપથ યોજના

ત્રણેય સેવાઓમાં સૈનિકોની ભરતી માટે અગ્નિપથ યોજના શરૂ કરવામાં આવી છે.

- આ યોજના દેશભક્તિ અને પ્રેરિત યુવાનોને ચાર વર્ષના સમયગાળા માટે સશસ્ત્ર દળોમાં સેવા આપવાની અનુમતી આપે છે.
- આ યોજના હેઠળ સેનામાં જોડનાર યુવાનોને 'અગ્નિવીર' કહેવામાં આવશે. અને યુવાનો થોડા સમય માટે સેનામાં જોડાઈ શકશે.
- આ નવી યોજના હેઠળ વાર્ષિક 45,000 થી 50,000 સૈનિકોની ભરતી કરવામાં આવશે. તેમાંથી મોટાભાગની ભરતી માત્ર ચાર વર્ષ માટે કરવામાં આવશે.
- જેમાં કુલ વાર્ષિક ભરતીના લગભગ 25%ને કાયમી કમિશન હેઠળ આગામી 15 વર્ષ સુધી સેવા ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવશે.

### યોજનાનું મહત્વ

આ નિર્ણયથી ભારતમાં 13 લાખથી વધુ મજબૂત સશસ્ત્ર દળો માટે સ્થાયી દળનું સ્તર ઘટશે.

- આ યોજના સંરક્ષણ પેન્શન બિલને પણ નીચે લાવશે જે ઘણા વર્ષોથી સરકારો માટે મુખ્ય ચિંતાનો વિષય છે.
- આ યોજનાથી રોજગારીની તકો વધશે અને ચાર વર્ષની સેવા દરમિયાન મેળવેલ કૌશલ્ય અને અનુભવને કારણે આવા સૈનિકોને વિવિધ ક્ષેત્રમાં રોજગારી મળશે.

### પાત્રતાના માપદંડ

અગ્નિપથ યોજના અધિકારીના રેન્કથી નીચેના કર્મચારીઓ માટે રજૂ કરવામાં આવી છે, જેઓ કમિશન્ડ ઓફિસર તરીકે દળોમાં જોડાતા નથી.

- આ અંતર્ગત 17.5 વર્ષથી 21 વર્ષની વય જૂથના ઉમેદવારો અરજી કરવા પાત્ર હશે.

નોંધ : કમિશન્ડ અધિકારીઓ ભારતીય સશસ્ત્ર દળોમાં વિશેષ રેન્ક ધરાવે છે. તેઓ ઘણીવાર રાષ્ટ્રપતિની સાર્વભૌમ સત્તા હેઠળ કાર્યરત થાય છે અને તેમને સત્તાવાર રીતે દેશની રક્ષા કરવાની સૂચના આપવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઉદ્દેશ્ય

આ યોજનાનો ઉદ્દેશ્ય દેશભક્ત અને પ્રેરિત યુવાનોને 'જોશ' અને 'જજબા' સાથે સશસ્ત્ર દળોમાં જોડવાની તક પૂરી પાડવાનો છે.

- તેનાંથી ભારતીય સશસ્ત્ર દળોની સરેરાશ વય/ ઉંમર પ્રોફાઈલમાં લગભગ 4 થી 5 વર્ષનો ઘટાડો થવાની ધારણા છે.
- આ યોજનામાં સશસ્ત્ર દળોમાં વર્તમાન સરેરાશ વય 32 વર્ષ છે તેવી કલ્પના કરવામાં આવી છે, જે 6-7 વર્ષ ઘટાડીને 26 વર્ષ જેટલી કરવામાં આવશે.

## પગાર અને અન્ય લાભો

તેમને તાલીમ અને સેવાના સમયગાળા દરમિયાન વધારાના લાભો સાથે 30,000 રૂ.નો પગાર મળશે.

- આમ તે ચાર વર્ષની સેવાઓના અંત સુધીમાં પગાર રૂ. 40,000 થઈ જશે.
- આ સમયગાળા દરમિયાન તેમના પગારના 30 ટકા સેવા નિધિ કાર્યક્રમ હેઠળ અલગ રાખવામાં આવશે અને સરકાર દર મહિને સમાન રકમનું યોગદાન પણ આપશે અને તેને વ્યાજ પણ મળશે.
- સેવાના 4 વર્ષની પૂર્ણાહુતિ પર અગ્નિવીરોને 11.71 લાખ રૂપિયાનું એકસાથે 'સેવા નિધિ' પેકેજ ચૂકવવામાં આવશે જેમાં તેમના દ્વારા કમાયેલા વ્યાજનો સમાવેશ થશે.
- તેમને ચાર વર્ષ માટે 48 લાખ રૂપિયાનું જીવન વીમા કવર પણ મળશે. (મૃત્યુના કિસ્સામાં અવેતન કાર્યકાળ માટેના પગાર સહિત રૂ. 1 કરોડથી વધુની રકમ મળશે.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## યોજના સંબંધિત ચિંતાઓ

અગ્નિપથ યોજનાના પ્રથમ વર્ષમાં આર્મી, નેવી અને એરફોર્સમાં લભગભ 45,000 સૈનિકોની ચાર વર્ષના ટૂંકા ગાળાના કોન્ટ્રાક્ટ પર ભરતી કરવામાં આવશે. તેમાંથી 25% સિવાયનાને કરાર પૂર્ણ થયા પછી સેવામાંથી મુક્ત કરવા પડશે. આથી બીજી નોકરી શોધવામાં મૂશ્કેલી પડી શકે.

- તેઓને કોઈપણ પેન્શન લાભો પ્રાપ્ત થશે નહીં.
- આવી સ્થિતિમાં મોટાભાગના લોકો માટે પોતાને અને તેમના પરીવારોને ટેકો આપવા બીજી નોકરી શોધવી જરૂરી બનશે.
- આ ઉપરાંત સેના અનુભવી સૈનિકો ગુમાવશે.

## સંત તુકારામ

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહારાષ્ટ્રના પૂણે જિલ્લાના દેહૂ ખાતે સંત તુકારામ શિલા મંદિરનું ઉદ્ઘાટન કર્યુ હતું.



- શિલા મંદિર એ એક પથ્થરની સ્લેબ (શિલા)ને સમર્પિત મંદિર છે જેના પર સંત તુકારામે 13 દિવસ સુધી ધ્યાન કર્યુ હતું.
- જે ખડક પર બેસીને તેમણે 13 દિવસ સુધી ધ્યાન કર્યુ તે પવિત્ર અને વરકરી સમુદાય માટે તીર્થસ્થાન માનવામાં આવે છે.

### સંત તુકારામ

સંત તુકારામ વરકરી અથવા વારકારી સંત અને કવિ હતા.

- આ સંપ્રદાય સમગ્ર મહારાષ્ટ્રમાં ફેલાયેલો છે અને તેના કેન્દ્રમાં સંત તુકારામ અને તેમના કાર્યો છે.
- તેઓ અભંગ ભક્તિ કવિતા અને કીર્તનના નામથી નોંધપાત્ર આધ્યાત્મિક ગીતો દ્વારા સમુદાય ઉન્મુખ પૂજા માટે જાણીતા હતા.
- આ ઉપરાંત તેમણે અભંગ કવિતા નામના સાહિત્યની મરાઠી શૈલીની રચના કરી જેમાં આધ્યાત્મિક વિષયોની સાથે લોક કથાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.
- સંત તુકારામને તેમના અભંગ સાહિત્યમાં વધુ ચાર લોકોનો ઉલ્લેખ કર્યો છે જેમનો તેમના આધ્યાત્મિક વિકાસ પર ઘણો પ્રભાવ હતો આ ચારમાં ભક્તિ સંત નામદેવ, જ્ઞાનેશ્વર, કબીર અને એકનાથનો સમાવેશ થાય છે.
- સંત તુકારામના ઉપદેશ વેદાંત આધારિત માનવામાં આવતો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'વૈશ્વિક પવન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 14 જૂન (B) 15 જૂન (C) 16 જૂન (D) 17 જૂન **(B)**

2. 'વિશ્વ વૃદ્ધ દુર્વ્યવહાર જાગૃતતા દિવસ' (World Elder Abuse Awareness Day) તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 14 જૂન (B) 15 જૂન (C) 16 જૂન (D) 17 જૂન **(B)**

3. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'અગ્નિપથ યોજના' (Agnipath Scheme) શેના સંબંધિત છે ?

(A) સૈનિકોની ભરતી સંબંધિત

(B) પૂર્વાંચલ વિસ્તારમાં વિકાસને વેગ આપવા સંબંધિત

(C) સાંસ્કૃતિક સ્થળોને સુરક્ષિત કરવા સંબંધિત

(D) ફાયર બ્રિગેડની ભરતી સંબંધિત **(A)**

4. તાજેતરમાં કેન્દ્ર સરકારે 'અગ્નિપથ યોજના' (Agnipath Scheme) લોન્ચ કરી છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ યોજના ત્રણેય સેવાઓ (આર્મી, નેવી અને એરફોર્સ) માટે શરૂ કરવામાં આવી છે.
2. આ યોજના હેઠળ વાર્ષિક 45,000 થી 50,000 સૈનિકોની ભરતી કરવામાં આવશે, તેમાંથી મોટાભાગની ભરતી માત્ર ચાર વર્ષ માટે કરવામાં આવશે.
3. આ યોજના હેઠળ સેનામાં જોડનાર યુવાનોને 'અગ્નિવીર' કહેવામાં આવશે.
4. આ યોજના હેઠળ અગ્નિવીરોને ચાર વર્ષ માટે માસિક 70 થી 80 હજાર પગાર ચૂકવવામાં આવશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 **(C)**

5. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા સ્થળે 'સંત તુકારામ શિલા મંદિર'નું ઉદ્‌ઘાટન કર્યું હતું ?

(A) અંબેગાવ, પૂણે (B) દેહુ, પૂણે

(C) શેવગાંવ, પૂણે (D) પારનેર, પૂણે **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 16 જૂન, આંતરરાષ્ટ્રીય પારિવારિક પ્રેષણ દિવસ (International Day of Family Remittancess)

## પૃથ્વી-2 મિસાઇલ (Pruthvi-2 Missile)

તાજેતરમાં ભારતે સપાટી–થી–સપાટી પર પ્રહાર કરવા સક્ષમ ટૂંકા અંતરની બેલેસ્ટિક મિસાઈલ 'પૃથ્વી–2'નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ હતું.

- ઓડિશાના ચાંદીપુર ખાતે ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ (ITR)ના લોન્ચ કોમ્પલેક્સ–3 માંથી મોબાઈલ લોન્ચરથી તેનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

### પૃથ્વી-2 મિસાઇલ




પૃથ્વી– 2 મિસાઈલ સપાટી–થી–સપાટી પ્રહાર કરતી મિસાઈલ છે.

- તે ઉચ્ચ સ્તરની ચોકસાઈ સાથે લક્ષ્યને હિટ કરવા સક્ષમ છે.
- પૃથ્વી– 2 મિસાઈલની રેન્જ 250 થી 350 કિમી છે.
- તે સ્વદેશી રીતે વિકસીત સરફેસ–ટુ–સરફેસ શોર્ટ રેન્જ બેલેસ્ટિક મિસાઈલ (SRBM) છે. અને તે એક ટન પેલોડ વહન કરી શકે છે.
- પૃથ્વી– 2 મિસાઈલ 500 થી 1000 કિલોગ્રામ વોરહેડ્સ લઈ જવા માટે સક્ષમ છે.
- તે લિક્વિડ પ્રોપલ્શન ટ્વીન એન્જિન દ્વારા સંચાલિત છે.
- તે તેના ટાર્ગેટને હિટ કરવા માટે અદ્યતન ઈનર્શિયલ ગાઈડન્સ સિસ્ટમનો ઉપયોગ કરે છે.
- તેનું નિર્માણ DRDOએ 'ઈન્ટિગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ' (IGMDP) હેઠળ કર્યુ છે.
- તેને શરૂઆતમાં ભારતીય વાયુ સેના માટે પ્રાથમિક વપરાશકર્તા તરીકે વિકસાવવામાં આવ્યું હતું. અને બાદમાં તેને ભારતીય સેનામાં સામેલ કરવામાં આવી હતી.
- જ્યારે મિસાઈલને 2003માં ભારતના સ્ટ્રેટિજિક ફોર્સીસ કમાન્ડમાં પ્રથમ વખત સામેલ કરવામાં આવી હતી, તે IGMDP હેઠળ વિકસાવવામાં આવેલી પ્રથમ મિસાઈલ હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# સામયિક લેબર ફોર્સ સર્વે 2020-21

તાજેતરમાં આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા 2020-21 માટે સામયિક લેબર ફોર્સ સર્વે (PLFS) બહાર પાડવામાં આવ્યો હતો.

## સામયિક લેબર ફોર્સ સર્વેના મુખ્ય મુદ્દાઓ

સામયિક લેબર ફોર્સ સર્વે (PLFS)ના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે :

### બેરોજગારી દર

આ સર્વે દર્શાવે છે કે વર્ષ 2020-21માં બેરોજગારીનો દર ઘટીને 4.2% થયો હતો, જે વર્ષ 2019-20માં 4.8% હતો.

- ગ્રામીણ વિસ્તારોમાં બેરોજગારીનો દર 3.3% અને શહેરી વિસ્તારોમાં 6.7% હતો.

### શ્રમદળ ભાગીદારી દર (LEPR)

વસતીમાં શ્રમ દળમાં વ્યક્તિઓની ટકાવરી (એટલે કે કામ કરતી અથવા કામ શોધતી અથવા કામ માટે ઉપલબ્ધ) અગાઉના વર્ષના 40.1% થી વધીને વર્ષ 2020-2021 દરમિયાન 41.6% થઈ ગઈ છે.

### વર્કર પોપ્યુલેશન રેશિયો (WPR)

તે પાછલા વર્ષના 38.2% થી વધીને 39.8% થયો છે.

### સ્થળાંતર દર

સ્થળાંતર દર 29.8% છે.

- ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં મહિલાઓનો સ્થળાંતર દર અનુક્રમે 48% અને 47.8% હતો.

**નોંધ:** વધુ નિશ્ચિત સમય અંતરાલમાં શ્રમદળના ડેટાની ઉપલબધતાના મહત્વને ધ્યાનમાં રાખીને નેશનલ સ્ટેટિકલ ઓફિસ (NSO)એ એપ્રિલ 2017માં સામયિક લેબર ફોર્સ સર્વે (PLFS) શરૂ કર્યો હતો.

1. 'આંતરરાષ્ટ્રીય પારિવારીક પ્રેષણ દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 15 જૂન (B) 16 જૂન (C) 17 જૂન (D) 18 જૂન (B)

2. તાજેતરમાં ભારતે 'પૃથ્વી– 2 મિસાઈલ' (Prithvi- 2 Missile)નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. પૃથ્વી– 2 મિસાઈલ સપાટી–થી–સપાટી પ્રહાર કરતી મિસાઈલ છે.
2. તેની રેન્જ 250 થી 350 કિ.મી ની છે.
3. તે સ્વદેશી રીતે વિકસિત સરફેસ–ટુ–સરફેસ શોર્ટ રેન્જ બેલેસ્ટિક મિસાઈલ (SRBM) છે.
4. પૃથ્વી– 2 મિસાઈલ 500 થી 1000 કિલોગ્રામ વોરહેડ્સ લઈ જવા સક્ષમ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

3. તાજેતરમાં આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા 2020-21 માટે 'સામયિક લેબર ફોર્સ સર્વે' (PLFS) બહાર પાડવામાં આવ્યો હતો. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ સર્વે દર્શાવે છે કે 2020-21માં બેરોજગારીનો દર ઘટીને 4.2% થયો હતો, જે વર્ષ 2019-20માં 4.8% હતો.
2. ગ્રામીણ વિસ્તારોમાં બેરોજગારીનો દર 3.3% અને શહેરી વિસ્તારોમાં 6.7 ટકા હતો.
3. આ સર્વે અનુસાર વર્કર પોપ્યુલેશન રેશિયો (WPR) પાછલા વર્ષના 38.2% થી વધીને 39.8% થયો છે.
4. આ સર્વે અનુસાર સ્થળાંતર દર 29.8% છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1 અને 2 (D) ફક્ત 2 અને 3 (A)

## દિવસ મહિમા : 17 જૂન, (1) વિશ્વ રણીકરણ અને દુકાળનો સામનો કરવા માટેનો દિવસ (World Day to Combat Desertification and Drought)
## (2) વિશ્વ મગર દિવસ (World Crocodile Day)

### વિશ્વ રણીકરણ અને દુકાળનો સામનો કરવા માટેનો દિવસ




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 17 જૂનના રોજ 'વિશ્વ રણીકરણ અને દુકાળનો સામનો કરવા માટેનો દિવસ' ઉજવાય છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ રણીકરણ અને દુકાળનો સામનો કરવા માટે થઈ રહેલા આંતરરાષ્ટ્રીય પ્રયાસો અંગે જાગૃત્તિ ફેલાવવાનો છે.
- આ દિવસની ઉજવણીનો પ્રારંભ 1995 થી થયો હતો.
- SDG માટે 2030 એજન્ડામાં પૃથ્વીને ધોવાણથી બચાવવાનો સમાવેશ થાય છે, SDG 15નો ઉદ્દેશ્ય જમીનના અધોગતિ રોકવાનો છે.
- વર્ષ 2022ની 'વિશ્વ રણીકરણ અને દુકાળનો સામનો કરવા માટેના દિવસ'ની થીમ 'Rising Up From Drought Together' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## I2U2 પહેલ



I2U2 પહેલના ભાગરૂપે ભારત, ઈઝરાયેલ, સંયુક્ત આરબ અમીરાત અને યુ.એસ જુલાઈ 2022માં તેમની પ્રથમ વર્ચ્યુઅલ સમિટ યોજશે.

## I2U2 પહેલ

### પૃષ્ઠભૂમિ

શરૂઆતમાં I2U2ની રચના ઓક્ટોબર 2021માં ઈઝરાયેલ અને UAE વચ્ચેના અબ્રાહમિક કરારને પગલે આ પ્રદેશમાં દરિયાઈ સુરક્ષા, માળખાકીય સુવિધાઓ અને પરિવહન સંબંધિત મુદ્દાઓને ઉકેલવા માટે કરવામાં આવી હતી.

- તે સમયે તેને 'ઈન્ટરનેશનલ ફોરમ ફોર ઈકોનોમિક કોઓપરેશન' કહેવામાં આવતું હતું.
- આ ઉપરાંત તેને 'વેસ્ટ એશિયન ક્વાડ' પણ કહેવામાં આવતું હતું.

### I2U2 વિશે

I2U2 પહેલ એ ભારત, ઈઝરાયેલ, યુએસએ અને યુએઈનું નવું જૂથ છે.

- જૂથના નામમાં 'I2' ભારત અને ઈઝરાયેલ માટે વપરાય છે, જ્યારે U2 યુનાઈટેડ સ્ટેટ્સ અને સંયુક્ત આરબ અમીરાત માટે વપરાય છે.
- આ એક મોટી સિદ્ધિ છે જે પ્રદેશમાં થઈ રહેલા ભૌગોલિક–રાજકીય ફેરફારોને દર્શાવે છે.
- આ માત્ર વિશ્વભરમાં જોડાણો અને ભાગીદારીની સિસ્ટમને પુનર્જીવિત અને પુનઃસક્રિય કરશે નહીં, પરંતુ તે ભાગીદારીમાં પણ ઉમેરો કરશે જે પહેલાં અસ્તિત્વમાં ન હતી અથવા તેનો સંપૂર્ણ ઉપયોગ થયો ન હતો.

### મહત્ત્વ

આ પહેલથી આ નવા જૂથોના માળખામાં ચાર દેશો વચ્ચે સુરક્ષા સહયોગની શોધ કરવામાં મદદ મળશે.

- આમાંના દરેક દેશ ટેકનિકલ હબ છે, આ દરેક દેશોમાં બાયોટેકનોલોજી ચોક્કસપણે પ્રભૂત્વ ધરાવે છે.
- આ પહેલ ખાદ્ય સુરક્ષા અંગે ચર્ચા કરવાની તક પૂરી પાડે છે.
- આ દેશો ટેકનોલોજી હોય, વેપાર હોય, આબોહવા કે Covid-19 સામેની લડત હોય કે સુરક્ષા હોય અનેક સ્તરે સહયોગ કરી શકે છે.

### ભારત માટે I2U2નું મહત્ત્વ

UAE અને અન્ય આરબ રાજ્યો સાથેના સંબંધોને જોખમમાં નાખ્યા વિના ઈઝરાયેલ સાથેના સંબંધોને મજબૂત કરવા માટે ભારતને અબ્રાહમ કરારને લાભ મળશે.

- ભારત એક વિશાળ ગ્રાહક બજાર છે. તે ઉચ્ચ–તકનીકી અને ઉચ્ચ માંગવાળા માલસામાનનું મુખ્ય ઉત્પાદક પણ છે. ભારતને આ ગ્રુપીંગનો ફાયદો થશે.
- આ પહેલથી ભારતને રાજકીય અને સામાજિક જોડાણ બનાવવામાં મદદ મળશે.

# World Competitiveness Index 2022



તાજેતરમાં <u>ઈન્સ્ટિટ્યૂટ ફોર મેનેજમેન્ટ ડેવલપમેન્ટ (IMD)</u> દ્વારા વાર્ષિક <u>'વિશ્વ સ્પર્ધાત્મકતા સૂચકાંક 2022' (World Competitiveness Index 2022)</u> બહાર પાડવામાં આવ્યો હતો.

- આ ઈન્ડેક્સમાં <u>ભારત</u> <u>37માં</u> ક્રમે છે.
- વર્ષ <u>2021</u>માં ભારત <u>43માં</u> ક્રમે હતું.
- <u>આર્થિક પ્રદર્શન</u>માં થયેલા વધારાને કારણે ભારતના <u>43 માંથી 37માં</u> ક્રમે છ સ્થાનનો વધારો જોવા મળ્યો છે.
- ટોચના 63 દેશોની યાદીમાં <u>ડેનમાર્ક</u> ટોચના સ્થાને છે, તે 2021માં ત્રીજા ક્રમે હતું.
- જ્યારે <u>સ્વિત્ઝર્લેન્ડ બીજા</u> અને <u>સિંગાપોર ત્રીજા</u> સ્થાને છે.

**World Competitiveness Index 2022**

| Rank | Country |
|---|---|
| 1 | ડેનમાર્ક |
| 2 | સ્વિત્ઝર્લેન્ડ |
| 3 | સિંગાપોર |
| 4 | સ્વિડન |
| 5 | હોંગકોંગ |
| 6 | નેધરલેન્ડ |
| 10 | યુ.એસ.એ |
| 37 | ભારત |
| 63 | વેનેઝુએલા |

## ભારતની સ્થિતિ

ભારતીય અર્થતંત્રમાં આર્થિક કામગીરીમાં થયેલા ફાયદાના કારણે સ્પર્ધાત્મકતામાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારત શ્રમ બજાર 15 માંથી છઠ્ઠા સ્થાને પહોંચી ગયુ છે.
- શ્રમ બજાર એ વ્યવસાયિક કાર્યક્ષમતા પરિમાણ અને વ્યવસાયના દષ્ટિકોણમાં મુખ્ય પેટા–પરિબળ છે.
- ભારત ઊર્જા સુરક્ષાનું સંચાલન, વ્યાપાર વિક્ષેપ અને કોવિડ–19 પછીની ઉચ્ચ GDP વૃદ્ધિ, નોકરીઓનું સર્જન, કૌશલ્ય વિકાસ, સંસાધન એકત્રીકરણ અને સંપત્તિ મુદ્રીકરણ જેવા પડકારોનો સામનો કરી રહ્યું છે.
- ભારતીય અર્થતંત્રમાં વ્યવસાય માટેના ટોચના પાંચ આકર્ષક પરિબળોમાં–કુશળ કાર્યબળ, અર્થતંત્રની ગતિશીલતા, ખર્ચ સ્પર્ધાત્મકતા, હકારત્મક દષ્ટિકોણ અને ઉચ્ચ શૈક્ષણિક સ્તરનો સમાવેશ થાય છે.

નોંધ : (1) વિશ્વ સ્પર્ધાત્મક સૂચકાંક એક વ્યાપક વાર્ષિક અહેવાલ અને દેશોની સ્પર્ધા પર વિશ્વવ્યાપી સંદર્ભ બિંદુ છે.

(2) તે ટકાઉ મૂલ્યો હાંસલ કરવા માટે તેઓ તેમની ક્ષમતાઓનું સંચાલન કેવી રીતે કરે છે તેના પર દેશોનું વિશ્લેષણ કરે છે અને રેન્ક આપે છે.

(3) તે આર્થિક કામગીરી, સરકારી કાર્યક્ષમતા, વ્યવસાય કાર્યક્ષમતા અને મૂળભૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર એમ ચાર પરિબળોની તપાસ કરીને દેશોની સમૃદ્ધિ અને સ્પર્ધાત્મકતાને માપે છે.

## વન-ડે ઈતિહાસનો હાઈએસ્ટ સ્કોર : ઇંગ્લેન્ડ-498

તાજેતરમાં યોજાયેલી ઈંગ્લેન્ડ–નેધરલેન્ડ વન–ડે સિરીઝમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ઈતિહાસનો હાઈએસ્ટ સ્કોર નોંધાયો હતો.

- ઈંગ્લેન્ડની ટીમે નેધરલેન્ડ સામે 498 રનનો સ્કોર નોંધાવી ઈતિહાસ રચ્યો હતો.
- આ સ્કોરે વર્ષ 2018માં ઈંગ્લેન્ડે જ ઓસ્ટ્રેલિયા સામે નોંધાવેલા 481 રનના સ્કોરનો રેકોર્ડ તોડ્યો હતો.
- નેધરલેન્ડ સામે ઈંગ્લેન્ડના બેટ્સમેનોએ મેચમાં કુલ 26 સિક્સર અને 36 બાઉન્ડ્રી ફટકારી હતી.

**વન-ડે ઈતિહાસના હાઈએસ્ટ સ્કોર**

| ક્રમ | ટીમ | સ્કોર |
|---|---|---|
| 1 | ઈંગ્લેન્ડ | 498 |
| 2 | ઈંગ્લેન્ડ | 481 |
| 3 | ઈંગ્લેન્ડ | 444 |
| 4 | શ્રીલંકા | 443 |
| 5 | સાઉથ આફ્રિકા | 439 |

1. 'વિશ્વ રણીકરણ અને દુકાળનો સામનો કરવા માટેનો દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 15 જૂન (B) 16 જૂન (C) 17 જૂન (D) 18 જૂન **(C)**

2. વર્ષ 2022ની 'વિશ્વ રણીકરણ અને દુકાળનો સામનો કરવા માટેના દિવસ'ની થીમ શું હતી ?

(A) Food Feed Fibre (B) Rising up from drought together

(C) Rising up from- feed fibre food (D) એકપણ નહીં **(B)**

3. 'વિશ્વ મગર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 15 જૂન (B) 16 જૂન (C) 17 જૂન (D) 18 જૂન **(C)**

4. I2U2 પહેલ વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. I2U2 પહેલ એ ભારત, ઈઝરાયેલ, યુએસએ અને યુએઈનું નવુ જૂથ છે.
2. જૂથના નામમાં 'I2' ભારત અને ઈઝરાયેલ માટે વપરાય છે, જ્યારે U2 યુનાઈટેડ સ્ટેટ્સ અને યુ.એ.ઈ માટે વપરાય છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1 અને 2 બંને સાચા (B) ફક્ત 1 સાચું

(C) 1 અને 2 બંને ખોટા (D) ફક્ત 2 સાચું **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

5. World Competitiveness Index 2022 માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?

(A) સ્વિત્ઝર્લેન્ડ (B) ડેનમાર્ક (C) ઈઝરાયેલ (D) સ્વિડન **(B)**

6. World Competitiveness Index 2022માં ભારત કયા ક્રમે છે ?

(A) 37 મા (B) 42 મા (C) 53 મા (D) 61 મા **(A)**

7. તાજેતરમાં કઈ ક્રિકેટ ટીમે આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ઈતિહાસમાં 498 રનનો હાઈએસ્ટ સ્કોર નોંધાવ્યો હતો ?

(A) શ્રીલંકા (B) ઓસ્ટ્રેલિયા (C) ઈંગ્લેન્ડ (D) દ.આફ્રિકા **(C)**

## દિવસ મહિમા : 18 જૂન, ઓટિસ્ટિક ગૌરવ દિવસ (Autistic Pride Day)

## એશિયાના ગ્લોબલ સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમમાં કેરળ પ્રથમ ક્રમે

એશિયાનો ગ્લોબલ સ્ટાર્ટ–અપ ઈકોસિસ્ટમ રિપોર્ટ તાજેતરમાં 14 જૂન, 2022ના રોજ લંડન ટેક વીક 2022ના પ્રકાશમાં બહાર પાડવામાં આવ્યો હતો.

- આ રિપોર્ટમાં કેરળમાં સ્ટાર્ટ–અપ ઈકોસિસ્ટમને એશિયામાં પ્રથમ સ્થાન આપવામાં આવ્યું હતું.
- પોષણક્ષમ પ્રતિભાના સંદર્ભમાં કેરળને ચોથા સ્થાને રાખવામાં આવ્યું છે.
- આ અહેવાલ કેરળ સ્ટાર્ટ–અપ મિશન (KSUM) દ્વારા તેને સ્ટાર્ટ–અપ પાવર હાઉસ તરીકે સ્થાપિત કરવા માટે લેવામાં આવેલા રચનાત્મક પગલાંને માન્યતા આપે છે.
- આ રેન્કિંગ કેરળને સ્ટાર્ટ–અપનું મજબૂત નેટવર્ક બનાવવામાં મદદ કરશે જે તેના વિકાસમાં મહત્વ ભૂમિકા ભજવશે.
- ગ્લોબલ સ્ટાર્ટ–અપ ઈકોસિસ્ટમ રિપોર્ટ વૈશ્વિક સરકારોને એક સાથે લાવવા, સ્ટાર્ટઅપના સ્થાપકો, રોકાણકારો અને કોર્પોરેટ નેતાઓને સમાજ માટે ટેકનોલોજીની શક્તિ વિશે ચર્ચા કરવા પ્રેરણા આપવા માટે બહાર પાડવામાં આવ્યું હતું.

નોંધ : ગ્લોબલ સ્ટાર્ટ–અપ ઈકોસિસ્ટમ ઈન્ડેક્સમાં બેંગ્લોરને 22મું સ્થાન મળ્યું છે.

## ઓસ્ટ્રેલિયાનું મહત્વાકાંક્ષી 2030 ઉત્સર્જન લક્ષ્ય

16 જૂન, 2022ના રોજ ઓસ્ટ્રેલિયાની નવી સરકારે આબોહવા પરિવર્તન પર સંયુક્ત રાષ્ટ્રને વધુ મહત્વાકાંક્ષી ઉત્સર્જન લક્ષ્યો સબમિટ કર્યા હતા.

- વડાપ્રધાન શ્રી એન્થોની અલ્બેનિસે ઓસ્ટ્રેલિયાના 2030 ઉત્સર્જનમાં ઘટાડવાના લક્ષ્યને વધારીને 43% કર્યો છે, જે અગાઉના 26.28% ના લક્ષ્યાંકથી વધારે છે.
- ઓસ્ટ્રેલિયાનું નવું લક્ષ્ય તેને સ્વચ્છ અને સસ્તુ ઉર્જા દ્વારા સંચાલિત ભવિષ્ય માટે તૈયાર કરે છે.
- ઓસ્ટ્રેલિયા અશ્મિભૂત ઈંધણના ભંડારથી ભરેલું છે.
- તે વિશ્વમાં કોલસા અને ગેસના ટોચના નિકાસકારોમાનું એક છે.
- ઓસ્ટ્રેલિયામાં ઘરેલું વીજળી ઉત્પાદનમાં કોલસો મહત્વની ભૂમિકા ભજવે છે.
- ઓસ્ટ્રેલિયામાં 2019 સુધીમાં ગ્રીન હાઉસ ગેસનું ઉત્સર્જન 533 મિલિયન ટન CO2 સમકક્ષ સુધી પહોંચી ગયું હતું.
- આ માથાદીઠ 21 ટન CO2e ઉત્સર્જન દર્શાવે છે, જે વૈશ્વિક સરેરાશ કરતા ત્રણ ગણું છે, ઉત્સર્જનમાં કોલસાનો હિસ્સો 30% છે.

## ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષો

મોંગોલિયન બુદ્ધ પૂર્ણિમાની ઉજવણીના પ્રસંગે ભગવાન બુદ્ધના ચાર પવિત્રો અવશેષો 11 દિવસના પ્રદર્શન માટે ભારતથી મોંગોલિયા (અથવા મંગોલિયા) લઈ જવામાં આવી રહ્યા છે.

- આ અવશેષો ઉલાનબટારમાં ગંડન મઠ પરિસરના બટસાગન મંદિરમાં પ્રદર્શિત થવાના છે.
- આ ચાર અવશેષો ભગવાન બુદ્ધના 22 અવશેષોમાંના છે, જે હાલમાં દિલ્હીના રાષ્ટ્રીય સંગ્રહાલયમાં રાખવામાં આવ્યા છે.
- તેમને 'કપિલવસ્તુ અવશેષો' તરીકે પણ ઓળખવામાં આવે છે કારણ કે તે બિહારના એક સ્થળેથી મળી આવ્યા છે જે કપિલવસ્તુનું પ્રાચીન શહેર હોવાનું માનવામાં આવે છે.
- આ સ્થળની શોધ 1898માં થઈ હતી.
- 11 દિવસની મુલાકાત દરમિયાન અવશેષોને મંગોલિયામાં 'સ્ટેટ ગેસ્ટ'નો દરજ્જો આપવામાં આવશે અને તેને ફરીથી ભારતના સંગ્રહાલયમાં લઈ જવામાં આવશે.
- ભારતીય વાયુસેનાએ મુસાફરી માટે એક વિશેષ વિમાન C-17 ગ્લોબલમાસ્ટર પ્રદાન કર્યુ છે, જે ભારતમાં ઉપલબ્ધ સૌથી મોટા વિમાનોમાંનું એક છે.




1. 'ઓટિસ્ટિક ગૌરવ દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 18 જૂન (B) 19 જૂન (C) 20 જૂન (D) 21 જૂન (A)

2. એશિયાના ગ્લોબલ સ્ટાર્ટ–અપ ઈકોસિસ્ટમમાં કયું રાજ્ય પ્રથમ ક્રમે છે ?

(A) ગુજરાત (B) મધ્યપ્રદેશ (C) કેરળ (D) તમિલનાડુ (C)

3. તાજેતરમાં ઓસ્ટ્રેલિયાની સરકારે ઓસ્ટ્રેલિયાના 2030 ઉત્સર્જનમાં ઘટાડવાના લક્ષ્યને વધારીને ........ કર્યો છે. જે અગાઉના 26.28% ના લક્ષ્યાંકથી વધારે છે.

(A) 42% (B) 43% (C) 45% (D) 50% (B)

4. મોંગોલિયન બુદ્ધ પૂર્ણિમાની ઉજવણીના પ્રસંગે ભગવાન બુદ્ધના કેટલા અવશેષોને 11 દિવસના પ્રદર્શન માટે ભારતથી મોંગોલિયા લઈ જવામાં આવી રહ્યા છે ?

(A) ચાર (B) છ (C) સાત (D) આઠ (A)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## ગુજરાત

➤ **ધોલેરામાં ન્યૂ ગ્રીનફિલ્ડ એરપોર્ટ ફેઈઝ- 1 માટેના 1305 કરોડ રૂપિયા મંજૂર**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષ સ્થાને મળેલી આર્થિક બાબતોની કેબિનેટ કમિટીએ ધોલેરામાં ન્યૂ ગ્રીનફિલ્ડ એરપોર્ટ વિકાસ પ્રોજેક્ટના પ્રથમ તબક્કાને રૂ. 1305 કરોડ રૂપિયાના ખર્ચે હાથ ધરવા મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ આગામી 48 મહિનામાં પૂર્ણ કરવાનો રહેશે. આ પ્રોજેક્ટ એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, નેશનલ ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર ડેવલપમેન્ટ એન્ડ ઈમ્પલીમેન્ટેશન ટ્રસ્ટ તથા ગુજરાત સરકારના સંયુક્ત સાહસ ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ કંપની લિમિટેડ મારફતે સાકાર થવાનો છે. અમદાવાદથી 80 કિ.મીના અંતરે આવેલું સૂચિત ધોલેરા એરપોર્ટ આગામી 2025-26 સુધીમાં કાર્યરત થવાનું આયોજન છે.

➤ **રાજ્યમાં શ્રમ નિકેતનનો આરંભ કરવા વેલ્ફર કમિશનર અને સાણંદ GIDC ઈન્ડસ્ટ્રિયલ વચ્ચે MoU સંપન્ન**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં ગુજરાત સરકારે રાજ્યની ઔદ્યોગિક વસાહતોમાં રોજગારી મેળવતા શ્રમયોગીઓ અને તેમના આશ્રિતો માટે એક અભિનવ પહેલ શરૂ કરી છે. રાજ્ય સરકારના શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ સંચાલિત શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા શ્રમનિકેતન યોજના અમલમાં મુકવામાં આવી છે. જે ઔદ્યોગિક વસાહતોમાં 15,000 થી વધુ શ્રમિકો કાર્યરત હોય તેવી ઔદ્યોગિક વસાહતોમાં શ્રમયોગીઓને રહેવા માટે આવા શ્રમનિકેતનનો આરંભ કરવા માટે સાણંદ GIDC ઈન્ડસ્ટ્રિયલ એસોસિયેશન અને વેલ્ફર કમિશનર, શ્રમયોગી કલ્યાણ બોર્ડ વચ્ચે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં MoU સંપન્ન થયા હતા. આ શ્રમયોગી હોસ્ટેલ ગ્રાઉન્ડ ફ્લોર ઉપરાંત 7 માળની બનશે અને 4138 સ્ક્વેર મીટરમાં નિર્માણ પામશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ગાંઠદાર ત્વચા રોગ (Lumpy Skin Disease- LSD)**

તાજેતરમાં ગુજરાત રાજ્યના પાંચ જિલ્લાઓમાં લગભગ 1,229 જેટલા પશુઓને લમ્પી સ્કિન ડિસીઝ (LSD) અથવા ગાંઠદાર ત્વચા રોગનો ચેપ લાગ્યો છે. LSDએ ગાય અથવા ભેંસના પોક્સવાયરસ લમ્પી સ્કિન ડિસીઝ વાયરસ (LSDU)ના ચેપના કારણે થાય છે. લમ્પી સ્કિન ડિસીઝ ઝામ્બિયામાં 1929માં પ્રથમ વખત મહામારી તરીકે જોવા મળ્યો હતો. શરૂઆતમાં તે ઝેર અથવા જંતુના ડંખનું સંવેદનશીલ પરિણામ હોવાનું માનવામાં આવ્યું હતું. ગાંઠદાર ત્વચા રોગ મુખ્યત્વે મચ્છર અને માખીઓના કરડવાથી અને કીડા (વેક્ટર)ના કરડવાથી થાય છે. તેમના મુખ્ય લક્ષણોમાં તાવ, આંખો અને નાકમાંથી પ્રવાહીનો સ્ત્રાવ, મોંમાથી લાળ ટપકવી અને શરીર પર ફોલ્લાઓનો સમાવેશ થાય છે. આ રોગથી પીડિત પ્રાણી ખાવાનું બંધ કરી દે છે અને ચાવતી વખતે અથવા ખાતી વખતે સમસ્યાઓનો સામનો કરે છે. આ રોગો સામે રસીકરણ ભારતના પશુધન આરોગ્ય અને રોગ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ કરવામાં આવે છે.

## ભારત

➤ **WhatsApp SMB સાથી ઉત્સવ**

8 જૂન, 2022ના રોજ WhatsApp ઈન્ડિયાએ 'SMB સાથી ઉત્સવ' નામની પહેલ શરૂ કરી છે. WhatsApp SMB સાથી ઉત્સવ એ નાના ઉદ્યોગોને ટેકો આપવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરાયેલ એક પહેલ છે. આ પહેલ તેમને તેમનો વ્યવસાય ચલાવવા માટે WhatsApp બિઝનેસ એપ જેવા ડિજિટલ માધ્યમોને અપનાવવામાં મદદ કરશે. આ પહેલ જોશ ટોક્સના સહયોગથી શરૂ કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **ભારતનું પ્રથમ બાયોટેક સ્ટાર્ટઅપ એક્સ્પો 2022**

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'બાયોટેક સ્ટાર્ટઅપ એક્સ્પો 2022'નું ઉદ્‌ઘાટન કર્યુ હતું. તે દેશમાં બાયોટેક ક્ષેત્રના વ્યાપક વિકાસનું પ્રતિબિંબ છે. બાયોટેક સ્ટાર્ટઅપ એક્સ્પો 2022 રોકાણકારો, ઉદ્યોગ સાહસિકો, વૈજ્ઞાનિકો, સંશોધકો, ઉદ્યોગ અગ્રણીઓ, ઉત્પાદકો, બાયો–ઈન્ક્યુબેટર્સ, નિયમનકારો અને સરકારી અધિકારીઓને જોડવા માટે એક સામાન્ય પ્લેટફોર્મ પૂરું પાડશે. આ એક્સ્પો ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજી અને બાયોટેકનોલોજી ઈન્ડસ્ટ્રી રિસર્ચ કાઉન્સિલ (BIRAC) દ્વારા તેની સ્થાપનાના 10 વર્ષની સ્મૃતિમાં યોજવામાં આવી રહ્યો છે. તે આરોગ્ય, કૃષિ, જીનોમિક્સ, સ્વચ્છ ઊર્જા, બાયો ફાર્મા, ઔદ્યોગિક બાયો ટેકનોલોજી વેસ્ટ ટુ વેલ્થ સહિત વિવિધ ક્ષેત્રોમાં બાયોટેકનોલોજીની એપ્લિકેશનને પ્રદર્શિત કરશે. તેની થીમ 'બાયોટેક સ્ટાર્ટઅપ ઈનોવેશન : ટુવર્ડ્સ સેલ્ફ–રિલેયન્ટ ઈન્ડિયા' છે.

## ➤ સુરક્ષા-મિત્ર પ્રોજેક્ટ કેરળમાં શરૂ થયો

તાજેતરમાં કેરળમાં સુરક્ષા–મિત્ર પ્રોજેક્ટ કાર્યરત થયો છે. સુરક્ષા–મિત્ર પ્રોજેક્ટ એ વાહન મોનિટરિંગ સિસ્ટમ છે. તે કોઈપણ દુર્ઘટનાના કિસ્સામાં તકલીફનો સંદેશ મોકલે છે. મોટર વાહન વિભાગે નિર્ભયા યોજના હેઠળ આ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. મુસાફરી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ બને તો માલિકોના મોબાઈલ ફોન પર સિસ્ટમ ડિસ્ટ્રેસ મેસેજ મોકલશે. વાહનો સાથે વ્હીકલ લોકેશન ટ્રેકિંગ ડિવાઈસ (VLTD) ફીટ કરવામાં આવશે. જો વાહન અકસ્માતમાં સંડોવાયેલ હોય અથવા જો ડ્રાઈવર વાહનને વધુ ઝડપે ચલાવે તો માલિકોને VLTD તરફથી SMS એલર્ટ પ્રાપ્ત થશે.

## ➤ ODOP : હસ્તશિલ્પ ક્ષેત્ર

તાજેતરમાં કાપડ મંત્રાલયે નેશનલ ક્રાફ્ટ્સ મ્યુઝિયમ, નવી દિલ્હી ખાતે 'લોટા શોપ'નું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ દુકાન સેન્ટ્રલ કોટેજ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (CCIC) દ્વારા ખોલવામાં આવી હતી, જે સેન્ટ્રલ કોટેજ ઈન્ડસ્ટ્રીઝ એમ્પોરિયમ તરીકે વધુ જાણીતી છે. તે ભારતના પરંપરાગત હસ્તકલા સ્વરૂપો પર આધારિત સ્મૃતિ ચિહ્ન, હસ્તકલા અને કાપડ દર્શાવે છે. સરકારે એ પણ પુનરોચ્ચાર કર્યો કે તે વન ડિસ્ટ્રિક વન પ્રોડક્ટ (ODOP) તરફ કામ કરી રહી છે જે હસ્તકલા ક્ષેત્ર તેમજ કારીગરોને પ્રોત્સાહન આપશે. જિલ્લાઓને તેમની સંપૂર્ણ ક્ષમતાનો ઉપયોગ કરવામાં, આર્થિક સામાજિક અને સામાજિક–સાંસ્કૃતિક વિકાસને પ્રોત્સાહન આપવા તથા ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીની તકો ઉભી કરવામાં મદદ કરવા માટે ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગ મંત્રાલય દ્વારા વન ડિસ્ટ્રિક વન પ્રોડક્ટ (ODOP) શરૂ કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ભારતીય રેલવેની નવીનતા નીતિ

તાજેતરમાં રેલવે મંત્રી દ્વારા ભારતીય રેલવે ઈનોવેશન પોલિસી– 'રેલવે માટે સ્ટાર્ટઅપ્સ' શરૂ કરવામાં આવી છે. ઈનોવેટર્સને માઈલસ્ટોન મુજબની ચૂકવણીની જોગવાઈ સાથે સમાન ભાગીદારીના ધોરણે રૂ. 1.5 કરોડ સુધીની ગ્રાન્ટ આપવામાં આવશે. પ્રોટોટાઈપને પારદર્શક અને ઉદ્દેશ્ય બનાવવા માટે નિર્ધારિત સમયરેખા સાથે પ્રોટોટાઈપના વિકાસ સુધી સમસ્યા વર્ણનની શરૂઆતથી સમગ્ર પ્રક્રિયા ઓનલાઈન છે. રેલવેમાં પ્રોટોટાઈપનું ટ્રાયલ કરવામાં આવશે. પ્રોટોપાઈપના સફળ પ્રદર્શન પર તૈનાતીને વધારવા માટે વધારાનું ભંડોળ પૂરું પાડવામાં આવશે.

➤ **ભારત ગૌરવ યોજના**

ભારત ગૌરવ યોજના હેઠળ કોઈમ્બતુરથી ભારતની પ્રથમ ખાનગી ટ્રેનને લીલી ઝંડી આપવામાં આવી છે. આ ટ્રેન રૂટ પરના અનેક ઐતિહાસિક સ્થળોને આવરી લેશે જે મુસાફરોને દેશના સાંસ્કૃતિક વારસાની સમજ આપશે. નવેમ્બર 2021માં શરૂ કરાયેલી ભારત ગૌરવ યોજના હેઠળ હવે ટ્રેનોમાં પ્રવાસન માટે ત્રીજો વિભાગ બનાવવામાં આવશે. અત્યાર સુધીમાં રેલવેમાં પેસેન્જર સેક્સન અને ગુડ્સ સેક્શન હતું. આ નિયમિત ટ્રેનો નથી જે સમયપત્રક અનુસાર દોડશે પરંતુ IRCTC દ્વારા ચલાવવામાં આવતી રામાયણ એક્સપ્રેસની લાઈન્સ પર ચલાવવામાં આવશે. આ ટ્રેનો ખાનગી ભાગીદારી અને IRCTC બંને દ્વારા થીમ આધારિત સર્કિટમાં ચલાવવામાં આવશે.

➤ **હૈદરાબાદમાં ભારતનું પ્રથમ ડિસ્પ્લે ફેબ્રિકેશન યુનિટ સ્થાપવામાં આવશે.**

તાજેતરમાં તેલંગાણા સરકારે હૈદરાબાદમાં ભારતનું પ્રથમ ડિસ્પ્લે ફેબ્રિકેશન યુનિટ સ્થાપવા માટે બેંગ્લુરુ સ્થિત Elest સાથે MoU પર હસ્તાક્ષર કર્યા છે. આ ડિસ્પ્લે ફેબ્રિકેશન યુનિટ રૂ. 24,000 કરોડના રોકાણ સાથે સ્થાપિત કરવામાં આવશે જે ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલયના ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન પ્રોગ્રામ હેઠળ સ્થાપિત કરવામાં આવશે. તેલંગાણામાં ડિસ્પ્લે ફેબની સ્થાપનાથી ભારતને યુએસએ, ચીન અને જાપાન જેવા દેશોની સાથે વૈશ્વિક નકશા પર મુકવામાં આવશે. ભારત સેમિકન્ડક્ટર મિશનની જાહેરાત થઈ ત્યારથી તેલંગાણા સરકાર રાજ્યમાં ફેબ્રિકેશન એકમો સ્થાપવા માટે મિશન મોડ પર કામ કરી રહી છે.

➤ **FIFA U-17 મહિલા વર્લ્ડ કપ ભારતમાં યોજાશે**

FIFAએ તાજેતરમાં અંડર–17 મહિલા વર્લ્ડકપનું શેડ્યુલ જાહેર કર્યુ છે. FIFAએ સ્થાનિક આયોજક સમિતિના સહયોગથી અંડર–17 વર્લ્ડકપનું સમયપત્રક જાહેર કર્યુ છે. સેમી ફાઈનલ મેચ ગોવાના પંડિત જવાહરલાલ નહેરુ સ્ટેડિયમમાં યોજાશે જ્યારે ફાઈનલ મેચ નવી મુંબઈના ડી.વાય પાટીલ સ્ટેડિયમમાં યોજાશે. મેચો ત્રણ યજમાન રાજ્યો ગોવા, ઓડિશા અને મહારાષ્ટ્ર વચ્ચે વહેંચવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વિશ્વ

➤ **ચીન અંતરિક્ષમાં સોલાર પાવર પ્લાન્ટ બનાવશે**

તાજેતરમાં ચીને 2028માં સતત વીજળી પ્રાપ્ત કરવા માટે અવકાશમાં સોલાર પાવર પ્લાન્ટ શરૂ કરવાની યોજનાનો પ્રસ્તાવ મૂક્યો હતો. ચીને 2030 સુધીમાં અવકાશમાં 1 મેગાવોટનું સોલાર પાવર સ્ટેશન સ્થાપવાની યોજના બનાવી હતી. જોકે અપડેટેડ પ્લાન મુજબ ચીન 2028માં સેટેલાઈટ લોન્ચ કરશે. અવકાશ આધારિત સોલાર પાવર સ્ટેશનની સૈદ્ધાંતિક શક્યતા માટે ચાઈના ચોંગકિંગના બિશન જિલ્લામાં 33 એકરમાં પરીક્ષણ સુવિધાનું નિર્માણ કરી રહ્યું છે. આ સુવિધા સ્પેસ ટ્રાન્સમિશન ટેકનોલોજી વિકસાવવામાં તેમજ પૃથ્વી પરના સજીવો પર માઈક્રોવેવ બીમની અસરનો અભ્યાસ કરવામાં મદદ કરશે.

➤ **The એશિયા યુનિવર્સિટી રેન્કિંગ 2022**

ટાઈમ હાયર એજ્યુકેશન (THE) દ્વારા તાજેતરમાં એશિયા યુનિવર્સિટી રેન્કિંગની નવીનતમ આવૃત્તિ બહાર પાડવામાં આવી હતી. આ રેન્કિંગ 2022 આવૃત્તિમાં સમગ્ર એશિયાના દેશો અને પ્રદેશોની 616 યુનિવર્સિટીનો સમાવેશ થાય છે. 2022 માટે આ રેન્કિંગમાં ભારત ત્રીજો સૌથી વધુ પ્રતિનિધિત્વ ધરાવતો દેશ છે, જેમાં 71 ભારતીય સંસ્થાઓનો સમાવેશ થાય છે. આ યાદીમાં ટોચના 50માં સ્થાન મેળવનારી એકમાત્ર સંસ્થા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ (IISc) બેંગ્લોર 42માં સ્થાને છે. આ યાદીમાં જાપાન સૌથી વધુ પ્રતિનિધિત્વ ધરાવતો દેશ છે.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની તમામ સ્પર્ધાત્મક પરીક્ષા માટે
CPT
Computer Proficiency Test
• MS Office-2013
• Word (Tender Notice & All Formatting)
• Excel (Salary, MarkSheet, Chart, Functions)
• Power Point (Slide Presentation)
ફ્રી
નવી બેચ
સવારે 11 થી 1
નવી પરીક્ષા પદ્ધતિ અનુસાર CPT ની સંપૂર્ણ તૈયારી
છેલ્લી વર્ગ-3ની ભરતીઓમાં CPTમાં ICEના 250 થી વધુ સફળ ઉમેદવારો
રજિસ્ટ્રેશન ફરજિયાત
93757-01110 / 93280-01110
સદ્ગુરૂ શોપિંગ સેન્ટર, બીજો માળ,
સ્વામીનારાયણ મંદિર પાસે,
કાલાવડ રોડ, રાજકોટ.
ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS
Offline રાજકોટ

## ICE ? Questions

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષ સ્થાને મળેલી આર્થિક બાબતોની કેબિનેટ કમિટીએ .......માં ન્યૂ ગ્રીનફિલ્ડ એરપોર્ટ વિકાસ પ્રોજેક્ટના પ્રથમ તબક્કાને રૂ. 1305 કરોડના ખર્ચે હાથ ધરવા મંજૂરી આપી છે. – ધોલેરા
- તાજેતરમાં કોણે 'SMB સાથી ઉત્સવ' નામની પહેલ શરૂ કરી છે ? – WhatsApp
- તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'બાયોટેક સ્ટાર્ટઅપ એક્સ્પો 2022'નું ઉદ્‌ઘાટન કર્યુ હતું. આ એક્સ્પો .........દ્વારા તેની સ્થાપનાના 10 વર્ષની સ્મૃતિમાં યોજવામાં આવી રહ્યો છે. – BIRAC
- તાજેતરમાં રાજ્યમાં શ્રમ નિકેતનનો આરંભ કરવા .............અને સાણંદ GIDC ઈન્ડસ્ટ્રીયલ વચ્ચે MoU સંપન્ન થયા હતા. – વેલ્ફર કમિશનર
- કયો દેશ અંતરીક્ષમાં સોલાર પાવર પ્લાન્ટ બનાવશે ? – ચીન
- તાજેતરમાં કયા રાજ્યમાં સુરક્ષા–મિત્ર પ્રોજેક્ટ કાર્યરત થયો છે ? – કેરળ
- The એશિયા યુનિવર્સિટી રેન્કિંગ 2022માં ભારત કેટલામો સૌથી વધુ પ્રતિનિધિત્વ ધરાવતો દેશ છે ?– ત્રીજો
- તાજેતરમાં ગુજરાત રાજ્યમાં પ્રાણીઓમાં કયા રોગનો ચેપ જોવા મળ્યો છે ? – લમ્પી સ્કિન ડિસીઝ
- તાજેતરમાં કયા મંત્રાલયે નેશનલ ક્રાફ્ટ્સ મ્યુઝિયમ, નવી દિલ્હી ખાતે 'લોટા શોપ'નું ઉદ્‌ઘાટન કર્યુ હતું ? – કાપડ મંત્રાલય
- ................યોજના હેઠળ કોઈમ્બતુરથી ભારતની પ્રથમ ખાનગી ટ્રેનને લીલી ઝંડી આપવામાં આવી છે. – ભારત ગૌરવ યોજના
- ...........માં ભારતનું પ્રથમ ડિસ્પ્લે ફેબ્રિકેશન યુનિટ સ્થાપવામાં આવશે. – હૈદરાબાદ
- FIFA U-17 મહિલા વર્લ્ડકપ કયા દેશમાં યોજાશે ? – ભારત

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# Question Of this Week

1. કયો દેશ 'શાંગરી–લા ડાયલોગ' (એશિયા સિક્યુરિટી સમિટ)નો યજમાન છે ? – સિંગાપોર
2. ભારતના કયા રાજ્યએ 'સુરક્ષા મિત્ર પ્રોજેક્ટ' વાહન મોનિટરિંગ સિસ્ટમ શરૂ કરી છે ? – કેરળ
3. કયા દેશે ચંદ્રનો અત્યાર સુધીનો સૌથી વિગતવાર ભૂસ્તરશાસ્ત્રીય નકશો બહાર પાડ્યો છે ? – ચીન
4. 2022માં ચેન્નાઈ દ્વારા આયોજિત થનારી 44મી ચેસ ઓલિમ્પિયાડના માસ્કોટનું નામ શું છે ? – થંબી
5. તાજેતરમાં કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં 'National Museum of Customs and GST'નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું ? – ગોવા
6. તાજેતરમાં ભારત અને રશિયાએ તેમના રાજદ્વારી સંબંધોની કેટલામી વર્ષગાંઠની ઉજવણી કરી હતી ? – 75મી
7. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ................ખાતે નિરાલી મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ અને એ.એમ.નાયક હેલ્થકેર કેમ્પસનું ઉદ્‌ઘાટન કર્યુ હતું. – નવસારી
8. NeSDAના અહેવાલ મુજબ નેશનલ ઈ–ગવર્નન્સ સર્વિસ ડિલિવરી એસેસમેન્ટ (NeSDA)માં કયા રાજ્યને સર્વોચ્ચ ક્રમ મળ્યો છે ? – કેરળ

   (નેશનલ ઈ–ગવર્નન્સ સર્વિસ ડિલિવરી એસેસમેન્ટ (NeSDA) રિપોર્ટ અનુસાર કેરળનો એકંદર અનુપાલન સ્કોર તમામ રાજ્યોમાં સૌથી વધુ હતો. કેન્દ્રશાસિત પ્રદેશોમાં જમ્મુ અને કાશ્મીર સૌથી ઉપર છે.)
9. વિશ્વનો પહેલો દેશ કયો છે જેણે સિગારેટ પર ચેતવણી છાપવાની સૂચના આપી છે ? – કેનેડા
10. ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ 2021માં કયું રાજ્ય ટોચ પર છે ? – હરિયાણા
11. કયા રાજ્યએ 'Farmer Registration Beneficiary Information System' સોફ્ટવેર લોન્ચ કર્યુ છે ? – કર્ણાટક
12. વર્ષ 2022માં કયા દિવસે કબીર જયંતિ સમગ્ર દેશમાં ઉજવવામાં આવી હતી ? – 14 જૂન

    (14 જૂનના રોજ સમગ્ર ભારતમાં કબીર જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. કબીર જયંતિ હિન્દુ ચન્દ્ર કેલેન્ડર મુજબ જયેષ્ઠ પૂર્ણિમા તિથિ પર ઉજવવામાં આવે છે.)
13. 2022માં ભારતના મુખ્ય સચિવોના પ્રથમ રાષ્ટ્રીય સંમેલનની અધ્યક્ષતા કોણે કરી ? – વડાપ્રધાન

    (વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જૂન 2022માં ધર્મશાળામાં દેશના મુખ્ય સચિવોની પ્રથમ રાષ્ટ્રીય પરિષદની અધ્યક્ષતા કરી હતી. આ પરિષદ કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચેની ભાગીદારીને વધુ મજબૂત કરવાની દિશામાં મોટું પગલું હશે.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

14. કયા દેશે સંયુક્ત રાષ્ટ્રના ભવનો માટે 'Way Finding Aplication' વિકસાવવાની જાહેરાત કરી છે ? – ભારત

15. તાજેતરની સૂચના મુજબ 5G સ્પેક્ટ્રમની હરાજી કેટલા વર્ષ થશે ? – 20

16. તાજેતરમાં રચાયેલ 'I2U2' ગ્રુપિંગના સભ્યો દેશો કયા છે ? – ભારત, ઈઝરાયેલ, અમેરિકા અને UAE

17. બિમસ્ટેક ટેકનોલોજી ટ્રાન્સફર સેન્ટરનું સ્થળ કયું છે ? – કોલંબો

18. તાજેતરમાં કોણે ડિજિટલ ન્યૂઝ રિપોર્ટ 2022 બહાર પાડ્યો હતો ? – રોયટર્સ ઈન્સ્ટિટ્યૂટ

19. ગ્લોબલ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ રિપોર્ટ (GSER)માં એફોર્ડેબલ ટેલેન્ટમાં કયું રાજ્ય એશિયામાં પ્રથમ ક્રમે છે ?

– કેરળ

20. કઈ સંસ્થા 'અગ્નિવીર' માટે કૌશલ્ય આધારિત અંડરગ્રેજ્યુએટ ડિગ્રી પ્રોગ્રામ શરૂ કરશે ? – IGNOU

21. ઔદ્યોગિક ડીકાર્બોનાઈઝેશન સમિટ 2022નું સ્થળ કયું છે ? – નવી દિલ્હી

22. કઈ સંસ્થાએ '2022 Global Trends Report' બહાર પાડ્યો છે ? – UNHCR

(સંયુક્ત રાષ્ટ્રની શરણાર્થી એજન્સી UNHCRએ '2022 ગ્લોબલ ટ્રેન્ડસ રિપોર્ટ' જાહેર કર્યો છે. આ રિપોર્ટ અનુસાર વૈશ્વિક સ્તરે 100 મિલિયન લોકો હવે તેમના ઘર છોડીને ભાગવા મજબૂર છે.)

23. કયો દેશ 2022માં SCOની પ્રાદેશિક આતંકવાદ વિરોધી માળખું (SCO- RATS) બેઠકનું યજમાન છે ?– ભારત

24. યુરોપની સૌથી મોટી સ્ટાર્ટ–અપ કોન્ફરન્સ–વિવાટેકમાં કયા દેશને 'વર્ષનો દેશ' (Country of the year) તરીકે માન્યતા આપી છે ? – ભારત

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE દ્વારા GPSC તથા વર્ગ-3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ




**આ પુસ્તકો તમામ અગ્રગણ્ય બુક સ્ટોર તથા અમારી વેબસાઇટ iceonline.in પર ઉપલબ્ધ છે.**

# ICE®

## INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | |
|---|---|
| **Website** | **YouTube** |
| iceonline.in | icerajkot |
| **WhatsApp** | **Telegram** |
| joinicerajkot.com | t.me/icerajkotofficial.com |
| **Instagram** | **Facebook** |
| icerajkot | icerajkot |
| **Twitter** | **ICE Magic** |
| icerajkot | ICE® MAGIC<br>WEEKLY CURRENT AFFAIRS<br>Free Download |

અમારી સાથે જોડાવા માટે અહીં આપેલ **Social Media Icon** પર **Click** કરો.